# વલોણું

**ચૂંટણી વિશેષાંક**

નવેમ્બર-ડીસેમ્બર, ૨૦૦૭ શૈક્ષણિક હેતુ અને ખાનગી વિતરણ માટે વર્ષ - ૨ અંક - ૧૩



## હોય નેતા, ઉદ્યોગપતિ કે સરકારી બાબુ,
## લોકશાહીમાં હોય પ્રજાના હાથમાં કાબૂ



# અનુક્રમ


૧. ચૂંટણીની ક્ષણો, વલોણાની વેળા

- પ્રકાશ ન. શાહ ............................. ૩

૨. ટિકિટની ફાળવણીમાં જ્ઞાતિવાદ - 'કદમ'ને પાછું ઠેલ્યું છે

- લાલજી દેસાઈ............................... ૫

૩. પાર્થને કહો ચડાવે બાણ

- વાસુદેવ વોરા.................................. ૭

૪. ગુજરાતના રાજકારણમાં 'જ્ઞાતિ'નું મહત્ત્વ કેટલું ?

- અતીત સુતરિયા ................................૮

૫. ફરી છેતરાઈએ નહિ, તેવો નિર્ધાર કરવો પડશે

- લાલજી દેસાઈ..............................૧૩

૬. સમાજ પરિવર્તનના ક્રાંતિકારી જ્યોતિર્ધર - મહાત્મા ફુલે

- મણીલાલ એમ. પટેલ .....................૧૫

૭. ઓરમાયું વર્તન દાખવનારાની આગેવાની ના ખપે

- ગીતા દેસાઈ ................................૧૬


**(પ્રકાશિત લેખોમાં રજૂ થયેલા વિચારો લેખકના પોતાના છે)**

'વલોણું'નું પ્રકાશન દર મહિને થાય છે.
લેખ અને સમાચાર આવકાર્ય છે.
અંક વિશે પ્રતિભાવો જણાવશો.
'વલોણું'નું વાર્ષિક લવાજમ રૂપિયા ૧૦૦ છે.
લવાજમ માટે 'મારગ'ના સંકલન-કાર્યાલયનો સંપર્ક કરવો.
લવાજમ મનીઑર્ડરથી પણ સ્વીકારાશે.

"ગૂજરાત વિદ્યાપીઠના વિદ્યાર્થી (અને ભવિષ્યના સામ્યવાદી નેતા) દિનકર મહેતા બારડોલી સત્યાગ્રહના સ્વયંસેવક હતા. સત્યાગ્રહના કામમાંથી પરવાર્યા પછી સાંજે કેટલાક લોકોની સાથે એ 'દુબળા' અથવા 'હળપતિ' તરીકે ઓળખાતા આદિવાસી વેઠિયાઓની વસ્તીમાં જતા હતા. તેમણે નોંધ્યા મુજબ, બારડોલી સત્યાગ્રહની લડતમાં વેઠિયાઓને બિલકુલ રસ ન હતો. 'એ તો ધણીબાપાઓની લડત છે. તેમાં અમારું શું દળદળ ફીટે? અમને તો આવા ને આમ જ રાખવાના' એવી વેઠિયાઓની લાગણી હતી.

દિનકર મહેતાના જણાવ્યા પ્રમાણે, 'વલ્લભભાઈને અમારી આવી પ્રવૃત્તિની જાણ થઈ ત્યારે અમને બોલાવીને તેમણે કહ્યું, 'હમણાં આવું ન કરવું. નહીંતર ગૂંચવાડો થઈ જશે.' હું કહેતો, 'દુબાઓની હાલત બહુ ખરાબ છે.' ત્યારે તેઓ કહેતા, 'પછીથી જોઈશું.' 'આથી અમે મૂંગા થઈ શિસ્ત અનુસાર તેમની સૂચનાોનું પાલન કરતા.'

સત્યાગ્રહ સાથે જેમનું હિત સંકળાયેલું હતું, એવા લોકોની લડાયક વૃત્તિ માટે ગાંધીજીનો અભિપ્રાય ખાસ ઊંચો ન હતો. બારડોલી સત્યાગ્રહની સમાપ્તિ પછી તરતના અરસામાં (૨૦મી ઓગષ્ટ, ૧૯૨૮) તેમણે કહ્યું હતું, 'હું તો બારડોલીના લોકોને ઓળખનાર રહ્યો, કારણ ઘણા દક્ષિણ આફ્રિકામાં મારા અસીલો હતા. એ લોકોની પ્રતિજ્ઞાની કેટલી (ઓછી) કિંમત છે તે પણ હું જાણું. તેવા લોકોને વલ્લભભાઈ કેમ સમજાવી શક્યા? તેમની આગળ અર્થવાદ મૂકીને? એક લાખ બચાવવાની આ લડત નહોતી... 'બારડોલીના પટેલિયાને એક લાખ રૂપિયા તો તેમના હાથનો મેલ છે...' સરદારે બારડોલીના લોકોને પાનો ચડાવતાં કહ્યું હતું, 'તમે ડરી ડરીને સુંવાળા થઈ ગયા છો. તમને તકરારટંટો કરતાં આવડતાં નથી... અન્યાયની સામે થવાની ચીડ પણ આપણામાં ન રહે એવા સુંવાળા ન થઈ જવું જોઈએ. એ તો બીકણપણું છે. આ તાલુકામાં રાતના બાર એક વાગ્યે હું ફરું છું, પણ મને કોઈ 'કોણ' એમ પૂછતું નથી. રવિશંકર (મહારાજ) તો કહે છે કે આ તાલુકાનાં ગામોમાં અજાણ્યાને કૂતરું પણ ભસતું નથી અને ભેંસ શિંગડું મારવા પણ આવતી નથી. આ તમારી અસરાફી જ તમને નડી છે.'"

(પુસ્તક : સરદાર - સાચો માણસ, સાચી વાત, લેખક : ઉર્વીશ કોઠારી)


## પત્રવ્યવહારનું સરનામું

**મારગ**

બી-૨, મિલિન્દ પાર્ક,
સેંટ ઝેવિયર્સ સ્કૂલ, લોયલા હૉલ સામે,
મેમનગર રોડ, અમદાવાદ - ૩૮૦ ૦૫૨
ફોન : (૦૭૯) ૨૭૯૧૨૪૯૨

**રજિસ્ટર્ડ એડ્રેસ :**

બી-૧૦, સિદ્ધિદર્શન એપાર્ટમેન્ટ,
૧૦૦ ફુટ રોડ, આનંદનગર રોડ, સેટેલાઈટ,
અમદાવાદ.



**પરામર્શક** : નીતા પંડ્યા, લાલજી દેસાઇ
**તંત્રી** : સોનલ પંડ્યા, અશ્વિન ચૌહાણ
**સંપાદક** : કેતન રુપેરા

# ચૂંટણીની ક્ષણો, વલોણાની વેળા

પ્રકાશ ન. શાહ

બસ, હવે આડા થોડા દિવસ માંડ છે : એક તબક્કો પૂરો થયો ને સોળમી ડિસેમ્બરે બીજા તબક્કાના મતદાન માટે બટન દબાવાશે, અને તેવીસમી તારીખે તો...

આ ફેરાની ચૂંટણીમાં મુદ્દો શું છે ? ખરું જોતાં, મુદ્દો નહીં પણ મુદ્દા - એમ કહેવું જોઈએ. બે મુદ્દા છે : હિંદુત્વ અને વિકાસ.

આ હિંદુત્વ શું છે ? અમે હિંદુ છીએ. હિંદુ અમારો ધરમ છે. એ હિસાબે અમે એક કોમ છીએ. ભારત દેશ એ અમારો એટલે કે હિંદુ ધરમકોમનો મુલક છે. હિંદુ રાષ્ટ્ર છે. હિંદુ તે હિંદુ. બાકી બધા બીજા ખોળાના. એમની સાથે અમારો હિંદુત્વવાદીઓનો અને અમારી સરકારનો વહેવાર કેવો હોય? તો કહે ૨૦૦૨માં કર્યો હતો એવો. ઉશ્કેરાયેલું લોક 'સામે'વાળાને મારવા લે અને પોલીસ ને સરકાર મૂગાંમંતર મળી જાય કે જોયાં કરે.

વળી બીજી મુશ્કેલી કે હિંદુ ધરમને નામે ઊંચનીચનો વહેવાર ચાલે. એટલે ઉપલી વરણવાળા તે મોટા, ખરા હિંદુ - ને નીચલી વરણવાળા બચાડા બીજા ખોળાના. તમે દલિત, હો કે આદિવાસી, તમારો નંબર પાછળ. હા, 'સામે' વાળાને ઝૂડવા હોય ત્યારે તમને આગળ કરીએ, એટલું ખરું. તમારે ભાગે જે માર આવ્યો તે ખરો !

અને હવે વિકાસની વાત. બધા મોટી મોટી વાત કરે છે, પણ વહેવારમાં ને અનુભવમાં કંઈ આવતું હોય તો તે એ છે કે દેશમાં મોટી સંખ્યામાં લોકો ગરીબીની રેખા તળે સબડી રહ્યા છે, અને હાંસિયામાં હડસેલાઈ રહ્યા છે.

એમાં પણ ગુજરાતમાં મુશ્કેલી શું છે કે 'હિંદુત્વ' ને 'વિકાસ' બેઉ ગાંધીનગરની ગાદીએ જળોની પેઠે જડબેસલાક (અને રક્તચૂસ) જામી ગયાં છે. ખૂબી પાછી એ છે કે જેવું એ જોયું કે ૨૦૦૨માં દેખાયેલા હિંદુત્વને કારણે દેશ આખામાં થૂ થૂ થઈ રહ્યા છીએ ત્યારે એકદમ જ વિકાસ-વિકાસના ઝાંઝ-પખવાજ લઈ મંડી પડ્યા. તમારી આંખો અંજાઈ જાય, કાન બહેર મારી જાય અને સમજ ગોથું ખાઈ જાય : એ સંજોગોમાં ન હિંદુત્વની અસલિયત સમજાય, ન વિકાસનું સાચ પમાય - ન તો દબાતા ચંપાતા 'સામે'વાળા વરતાય, ન તો દલિતવંચિતના ઉના ઉના નિસાસાયે સંભળાય.

એટલે મતદાનમાં જે બટન દાબીએ તે એવું તો દાબીએ જ કે હાલ ગાદીએ છે એ પાછા ન આવે. એમણે આપણને પજવ્યા છે, પોતાની ફરજ બજાવી નથી અને અવળે રવાડે ચડાવ્યા છે. એટલે એમનો પરવાનો તાજો કરવાનો તો સવાલ જ નથી.

માનો કે એ ગયા. અને જવાની લાયકાત તો એમણે કરવાનાં કામ નહીં કરીને તેમજ ન કરવાનાં કામ કરીને મેળવેલી છે જ. પણ એમના જવા માત્રથી આપણો પૂરો હેતુ સરશે, એવું કોણે કહ્યું.

તે પછી પણ આપણી એટલે કે વંચિતોની વકટલેંડ તો ચાલુ જ રહેવાની, કેમ કે હાલ સત્તા પર છે તેઓ કે પછી વડો વિપક્ષ, બેઉના વિકાસ-નકશા તો લગભગ એકસરખા જ છે. મોટે ભાગે તેઓ બેઉ સરવાળે 'સહિતો' (હૅઝ) સાથે છે, 'રહિતો' (હેવ-નૉટ્સ) સાથે નથી. ગુજરાતની ચૂંટણીમાં મોટા ભાગના મતવિસ્તારોમાં આ બેની વચ્ચે જ પસંદગીનો સવાલ છે, એટલે જે હાલ સત્તાસ્થાને છે એને ફરી લાયસન્સ ન આપવું એ તો બરાબર છે. માત્ર, કોઈ કોઈ ઠેકાણે હાલ જે ત્રીજા અવાજની ગુંજાશ છે એને બળ મળે એ રીતે ભાવિ કાર્યક્રમ વિચારવો રહે છે.

જેવી ભાવિની વાત કરીએ કે આ બે મોટા પક્ષો એક જરી જુદો જ કકળાટ કરી મેલે છે. કહે છે કે આ દિવસોમાં નવી દિલ્હીના હવાઈ અડ્ડા ઉપર વીવીઆઈપી લૉન્જમાં કૉંગ્રેસ યુવરાજ રાહુલ ગાંધી અને વિપક્ષના નેતાને નાતે વડાપ્રધાન-ઇન-વેઇટિંગ એવા લાલકૃષ્ણ અડવાણી બે અનાયાસ ભેગા થઈ ગયા. યુવરાજે પહેલીવાર વિધિસર મળ્યાનો રાજીપો પ્રગટ કર્યો ને એક-બે વિવેકવાનાં ઉચ્ચાર્યાં એટલે વડીલ વીરજીએ પણ પ્રાસંગોચિત્ત બે-પાંચ હિતવચનો કહ્યાં. અડવાણીનું કહેવું એમ હતું કે આપણે બે 'રાષ્ટ્રીય પક્ષો'એ મળીને વિચારવું જોઈએ કે આપણો અવકાશ કેમ સંકોચાતો આવે છે. જુઓ કે પ્રાદેશિક પક્ષો - નાના પક્ષો આપણને કેવા ફરજ પાડતા આવે છે. આવું કેમ ચાલે ! પછી એમણે દાખલો આપ્યો કે જુઓ માયાવતી (બસપા) ઉત્તરપ્રદેશમાં ચુંટાઈ આવ્યાં ને હવે એ પ્રદેશના સૂબા બની આપણને 'રાષ્ટ્રીય' પક્ષોને કેવા ઊંચાનીચા કરી મેલે છે.

> **હાલ સત્તાસ્થાને છે એને ફરી લાયસન્સ ન આપવું એ તો બરાબર છે. માત્ર, કોઈ કોઈ ઠેકાણે હાલ જે ત્રીજા અવાજની ગુંજાશ છે એને બળ મળે એ રીતે ભાવિ કાર્યક્રમ વિચારવો રહે છે.**

વાત સાચીયે ખરી અને ખોટીયે ખરી. ખોટી એટલા માટે કે ભાજપે જે હિંદુત્વવાળી કરી એમાં એ તો 'રાષ્ટ્રીય' મરી જ ગયો. દેશ સૌનો. સઘળી નાતજાત. ઓરતમરદ. બુઢ્ઢાંબચ્ચાં. હર

ધરમકોમ. સૌનો. પણ આ તો બસ ભૈ હિંદુ જ હિંદુનું ગાયા કરે અને એમાંય વળી ઉપલી વરણના. હવે કહો તેમ. રાષ્ટ્રીય કેવા ને વાત કેવી. કૉંગ્રેસની વાત સૌની. આખા દેશની. એમાંથી 'હિંદુ'ને ભાજપ તાણી ગયો એટલે સૌની આઝાદી માટે લડનારી પાર્ટી બચાડી એટલી વેતરાઈ ગઈ. માયાવતી આવ્યાં ને દલિત-બહુજનને તાણી ગયાં એટલે ભાજપ પણ વેતરાઈ ગયો. જો કે માયાવતીને સમજાયું કે એકલા દલિતથી કશું ન વળે. જેમ દલિત વિના ના ચાલે, તેમ એના એકલાથી પણ ન ચાલે. એટલે એમણે ચલાવી દલિત-બહુજનની વિશેષ સંભાળ સાથે સૌની વાત. સર્વસમાજની વાત. એમને લખનૌની ગાદી મળી, અને મસ્જિદ તોડનાર પાર્ટીએ ગાદી ખોઈ, એનું રહસ્ય એમાં કે એમણે સર્વસમાજની વાત કરી.

આ પ્રક્રિયામાં, જેમ કે, ક્યારેક ગુજરાતની ગાદીએ ક્ષત્રિય (કે), હરિજન (એચ), આદિવાસી (એ) અને મુસ્લિમ (એમ) - ટૂંકમાં, કેએચએએમ કહેતાં 'ખામ'ની ફોર્મ્યુલાએ ઝળહળતી ફતેહ મેળવી હતી. (માધવસિંહ સોલંકીને મળેલી બેઠકો નમોના ઘોર હિંદુત્વ કરતાંય ક્યાંયે વધારે હતી.) ક્યારેક લાલુની મુસ્લિમ-યાદવ (એમવાય અગર 'માય') ફોર્મ્યુલા બિહારમાં ક્લિક થઈ ગઈ હતી. એવું જ આજ-કાલ ઉત્તરપ્રદેશમાં સર્વ-સમાજ ફોર્મ્યુલાનું છે.

- પણ, આ બધી મતબૅન્ક ફૉર્મ્યુલાની અને એને આધારે આવેલા રાજવટે દેખાડા ઉપરાંત કરેલા પ્રગતિશીલ કાયદાકાનૂનની બે મુશ્કેલીઓ સમજ્યા વિના આપણી રાજનીતિનું ઠેકાણું પડવાનું નથી અને નવા સમાજ માટે લડતા કર્મશીલોને 'ઘરનું ઘર' મળવાનું પણ નથી.

એક તો, જે પણ કાયદાકાનૂનથી મળી શકે એમ છે એને માટે સંગઠિત થઈ ચળવળ અને લડત ચલાવ્યા વિના વાતમાં વળ આવવાનો નથી અને આ લડત તમને રાજકીય પ્રક્રિયા તરફ દોરી જાય ત્યારે પરહેજ કરી શકાવાની નથી.

બીજું, કાયદા અને જે તે વંચિત તબક્કાની તેને અમલી બનાવવા માટેની ચળવળ છેવટે તો ટોપકા ઉપર જ રહી જાય, જો તેને માટે સામાજિક સુધારાની ચળવળ અને એ દિશાનું મંથનને આત્મમંથન (સરવાળે 'સોશ્યલ ચર્નિંગ') ન હોય તો. ટિકિટ વહેંચણીમાં અને મતબૅન્ક ફૉર્મ્યુલાઓમાં સામાજિક ઇજનેરી ('સોશ્યલ એન્જિનિયરિંગ') થતી હોય અને ફાવતી હોય તો પણ સમાજમંથન ('સોશ્યલ ચર્નિંગ') વિના એ પ્રજાના હાડમાં ઝમતું નથી અને રાજકારણના ટોચકામાં દાખડા ને દેખાડા જેવું માત્ર રહે છે. બહુ બહુ તો પ્રતીકાત્મક ટીલાટપકા જેવું ટોકનિઝમ જ કહો ને.

આ બે મુશ્કેલીઓ સમજીએ ત્યારે એક ત્રીજું વાનું પણ નજર સમક્ષ આવે છે. કંઈક અંશે, જે બીજી મુશ્કેલીની વાત હમણાં કરી એમાંથી અને પહેલી મુશ્કેલીમાં ખાસ કરીને રાજકીય પ્રક્રિયાની જે વાત કરી, એમાંથી ફલિત થતું વાનું એ છે. અને તે એ કે જે તે વંચિત તબક્કાની ચળવળ, જે તે વંચિત તબક્કાની રાજનીતિ, એણે પોતાના હક ને ન્યાયની જોસ્સાભેર સ્થાપના કરવા સાથે વ્યાપક સમાજનો સંદર્ભ પણ જોડવો જોઈએ. વ્યાપક સાથેના સંધાન વિનાની જે તે વ્યક્તિગત ચળવળ સ્થાયી પરિવર્તન માટેનું નવું સંતુલન બનાવી શક્તી નથી. વ્યાપક સમાજ અને વ્યક્તિગત સમુદાય વચ્ચેની આપ-લે થકી જાણતાં સહિયારાંથી વાત બને તો બને.

૨૦૦૭ના ડિસેમ્બરમાં સામાજિક વેરઝેરની રાજનીતિનો કોઠો ભેદ્યા પછી અથવા એની સામે ધોરણસરનો તેમજ અસરકારક વિરોધ નોંધાવ્યા પછી અને છતાં હાલના મેગા વિકાસવ્યૂહને સ્થાને આમ આદમીની બાલાશ જાણતા વંચિતલક્ષી અભિગમ માટેની લડત તો ચાલુ જ રાખવી જોઈશે. આ લડતે ન તો રાજકીય પ્રક્રિયાથી પરહેજ કરવી જોઈશે, ન તો સામાજિક મંથનનું નિશાન ચૂકવું જોઈશે.

ભણેલગણેલ, કંઈક ઊંચભમરિયા (હાઇબ્રો) જણની પેઠે મેં મંથન કે ચર્નિંગની ભારેખમ ભાષા અહીં ઝીંકી - પણ ખરું જોતાં હું એને વલોણું કહી શક્યો હોત ! હશે. જાગ્યા ત્યાંથી સવાર.

*(લેખક વિચારપત્ર-'નિરિક્ષક'ના તંત્રી અને કર્મશીલ છે.)*

---

**(પાન ૭નું અનુસંધાન)**

સ્વધર્મની દૃષ્ટિ પામવાની આ વાત છે. યુદ્ધ તો અનિવાર્ય છે. અહીં મંજિરાનું નહીં, મિસાઇલનું કામ છે. આ મિસાઇલ પર અણુ કે પરમાણુશસ્ત્ર નહીં, પણ પરમ-આત્માનાં શસ્ત્રનું અનુસંધાન સાધવાનું છે. (અણુશસ્ત્રનું પહેલવહેલું પ્રયોગાત્મક પરીક્ષણ નિહાળીને તેના પ્રચંડ પ્રકાશથી દિગ્મૂઢ થયેલ વૈજ્ઞાનિકના ચિત્તમાં ગીતાજીનો એ શ્લોક સમચ્ક્યો જેમાં વિભૂતિદર્શનમાં 'હજારો સૂર્યથી પણ વધુ તેજસ્વી' પરમપુરુષનું વર્ણન છે! તેમણે પોતાના અનુભવોને આ જ શિર્ષક બ્રાઇટર ધેન થાઉઝન્ડ સન્સ આપીને પુસ્તક સ્વરૂપે પ્રકાશિત કરેલ છે.) તે સત્યનું શસ્ત્ર મહાત્મા ગાંધીએ ઉપયોગમાં લીધું હતું.

એ માટે સ્વધર્મ બજાવવો જ રહ્યો. તે જો ચૂક્યા તો વિનાશ નિશ્ચિત છે અને સર્વશક્તિથી સભાન બન્યા તો વિજયથી કાંઈ ઓછું સંભવ નથી! ગાંધીજી કહે છે તેમ, "સ્વરાજ તો સહુએ સહુનું લેવું જોઈએ - કરવું જોઈએ." તેનો અર્થ એ જ કે સૌના હાથમાં અને હૈયામાં જે શક્તિ છે, તેના આધારથી વંચિત તે ખરો વંચિત છે. તે આધાર તો દરેકે પોતાની ભીતર સાથે જોડાઈને લેવાનો છે. તેની સાથે જ સ્વધર્મની પહેચાન આવશે. ત્યારે જ 'સ્વરાજ'ના રામની સામે દશ માથાળા રાવણોનો નાશ સંભવ બનશે. તે વિના નહીં. વંચિતોને શોષિતો આ નક્કર લડત નહીં આપે તો હવે બીજા ગાંધી અવતરે તે આ લોકશાહીમાં સંભવ નથી.

*(લેખક કર્મશીલ છે.)*

## <u>વિધાનસભા ચૂંટણી : ૨૦૦૭</u>

# ટિકિટની ફાળવણીમાં જ્ઞાતિવાદ - 'કદમ'ને પાછું ઠેલ્યું છે

**લાલજી દેસાઈ**

રાજ્યમાં ચૂંટણીની મોસમ પૂર-બહારમાં ખીલી છે. એક પછી એક રાજનેતાઓના મુખોટા ઉતરી રહ્યા છે. તેમના અસલી ચહેરા જનતા સામે આવવા લાગ્યા છે. આ વર્ષના અંતિમ સપ્તાહે આપણને પરિણામો મળશે અને એ સાથે જ સ્પષ્ટ થશે કે કોમવાદના ગંદવાડમાં સતત ખીલતું રહેલું 'કમળ' કરમાઈ જશે કે પછી થોડી પાંદડીઓ ઓછી થવા છતાંય ખીલી ઉઠશે? જ્ઞાતિવાદના બીજ રોપીને પંજાની પાંચેય આંગળીઓ (જૂથો) અંકબંધ રહી તાકાત બનશે કે પછી વેરવિખેર થઈ જશે? ઉ.પ્ર.માં હાથી (બ.સ.પા.)એ અણધાર્યા પરિણામો બતાવ્યા પછી ગુજરાતમાં પણ ઘણાને આશા બંધાણી હશે પણ હાલમાં ગુજરાતના હવામાનમાં હાથી 'હાલે' એમ લાગતું નથી.

આ વિધાનસભાની ચૂંટણીમાં ટિકિટોની ફાળવણી જે રીતે થઈ છે, તે જોતા કોણ જીતશે કે કોણ હારશે તેની બહુ ચિંતા વંચિતોએ કરવાની હવે જરૂર જણાતી નથી. મોટાભાગની ટિકિટો બંને પક્ષોએ મૂડીપતિઓને, કહેવાતી સવર્ણ જ્ઞાતિઓને જ ફાળવી છે. આથી જીતે તો પણ એ અને હારે તો પણ એ - તેવો ખેલ ખેલાયો છે.

ગુજરાતની ચૂંટણીઓ ધર્મ અને જ્ઞાતિના નામે લડાય તે માટે પૂર્વ તૈયારી બરાબર થઈ ચૂકી છે. તેમાં લક્ષ્મી (નાણાં)નો મારો પણ એટલોજ ચાલશે આથી રહ્યા-સહ્યા અવાજ ઉઠાવનારાનો અવાજ પણ આ પ્રચાર-પ્રસાર અને જુઠાણા નીચે દબાઈ જશે.

ગુજરાતમાં આપણે જેને 'કદમ' સમુદાય તરીકે ઓળખીએ

| | જ્ઞાતિઓને ફાળવાયેલી ટિકિટ | | | | | | વસ્તી મુજબ થતી ટિકિટ | | | | કોણે ગુમાવ્યું કોણે મેળવ્યું | | |
|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|
| | સંખ્યામાં | | | ટકાવારી | | | ટકાવારી | | | | ટકાવારી | | |
| | ભાજપ | કોંગ્રેસ | કુલ | ભાજપ | કોંગ્રેસ | સરેરાશ | વસ્તી | ભાજપ | કોંગ્રેસ | કુલ | ભાજપ | કોંગ્રેસ | કુલ |
| બ્રાહ્મણ | ૧૩ | ૮ | ૨૧ | ૭.૧૪ | ૪.૪૦ | ૫.૭૭ | ૨ | ૪ | ૪ | ૭ | ૯ | ૪ | ૧૪ |
| જૈન/વણિક/લોહાણા | ૧૩ | ૭ | ૨૦ | ૭.૧૪ | ૩.૮૫ | ૫.૪૯ | ૧ | ૨ | ૨ | ૪ | ૧૧ | ૫ | ૧૬ |
| પટેલ/ચૌધરી | ૫૨ | ૪૮ | ૧૦૦ | ૨૮.૫૭ | ૨૬.૩૭ | ૨૭.૪૭ | ૧૮.૫ | ૩૪ | ૩૪ | ૬૭ | ૧૮ | ૧૪ | ૩૩ |
| દરબાર | ૧૫ | ૧૩ | ૨૮ | ૮.૨૪ | ૭.૧૪ | ૭.૬૯ | ૨ | ૪ | ૪ | ૭ | ૧૧ | ૯ | ૨૧ |
| ક્ષત્રિય | ૨૩ | ૨૭ | ૫૦ | ૧૨.૬૪ | ૧૪.૮૪ | ૧૩.૭૪ | ૭ | ૧૩ | ૧૩ | ૨૫ | ૧૦ | ૧૪ | ૨૫ |
| આહિર | ૪ | ૬ | ૧૦ | ૨.૨૦ | ૩.૩૦ | ૨.૭૫ | ૧.૫ | ૩ | ૩ | ૫ | ૧ | ૩ | ૫ |
| અન્ય | ૩ | ૧ | ૪ | ૧.૬૫ | ૦.૫૫ | ૧.૧૦ | ૦.૫ | ૧ | ૧ | ૨ | ૨ | ૦ | ૨ |
| **સરવાળો** | **૧૨૩** | **૧૧૦** | **૨૩૩** | **૬૭.૫૮** | **૬૦.૪૪** | **૬૪.૦૧** | **૩૨.૫** | **૫૯** | **૫૯** | **૧૧૮** | **૬૪** | **૫૧** | **૧૧૫** |
| કોળી | ૧૫ | ૧૯ | ૩૪ | ૮.૨૪ | ૧૦.૪૪ | ૯.૩૪ | ૨૧ | ૩૮ | ૩૮ | ૭૬ | -૨૩ | -૧૯ | -૪૨ |
| દલિત | ૧૩ | ૧૩ | ૨૬ | ૭.૧૪ | ૭.૧૪ | ૭.૧૪ | ૭.૫૦ | ૧૪ | ૧૪ | ૨૭ | -૧ | -૧ | -૧ |
| આદિવાસી | ૨૭ | ૨૬ | ૫૩ | ૧૪.૮૪ | ૧૪.૨૯ | ૧૪.૫૬ | ૧૬.૦૦ | ૨૯ | ૨૯ | ૫૮ | -૨ | -૩ | -૫ |
| કારીગર | ૧ | ૨ | ૩ | ૦.૫૫ | ૧.૧૦ | ૦.૮૨ | ૨.૦૦ | ૪ | ૪ | ૭ | -૩ | -૨ | -૪ |
| માલધારી | ૨ | ૩ | ૫ | ૧.૧૦ | ૧.૬૫ | ૧.૩૭ | ૯.૫૦ | ૧૭ | ૧૭ | ૩૫ | -૧૫ | -૧૪ | -૩૦ |
| મુસ્લિમ | ૦ | ૬ | ૬ | ૦.૦૦ | ૩.૩૦ | ૧.૬૫ | ૧૦.૦૦ | ૧૮ | ૧૮ | ૩૬ | -૧૮ | -૧૨ | -૩૦ |
| અન્ય | ૧ | ૩ | ૪ | ૦.૫૫ | ૧.૬૫ | ૧.૧૦ | ૧.૫૦ | ૩ | ૩ | ૫ | -૨ | ૦ | -૧ |
| **સરવાળો** | **૫૯** | **૭૨** | **૧૩૧** | **૩૨.૪૨** | **૩૯.૫૬** | **૩૫.૯૯** | **૬૭.૫૦** | **૧૨૩** | **૧૨૩** | **૨૪૬** | **-૬૪** | **-૫૧** | **-૧૧૫** |
| **કુલ** | **૧૮૨** | **૧૮૨** | **૩૬૪** | **૧૦૦.૦૦** | **૧૦૦.૦૦** | **૧૦૦.૦૦** | **૧૦૦.૦૦** | **૧૮૨** | **૧૮૨** | **૩૬૪** | | | |

| | | | | | | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|
| બીજેપીડી.... | ૧૨૩ | ૧૧૦ | ૨૩૩ | ૮૬.૦૧ | ૭૬.૯૨ | ૮૧.૪૭ | ૩૨.૫ | ૫૯.૨ | ૫૯.૧૫ | ૧૧૮.૩ | ૬૩.૮૫ | ૫૦.૮૫ | ૧૧૪.૭ |
| કદમ | ૨૦ | ૩૩ | ૫૩ | ૧૩.૯૯ | ૨૩.૦૮ | ૧૮.૫૩ | ૬૭.૫૦ | | | | | | |
| | ૧૪૩ | ૧૪૩ | ૨૮૬ | ૧૦૦.૦૦ | ૧૦૦.૦૦ | ૧૦૦.૦૦ | ૧૦૦.૦૦ | | | | | | |

છીએ તેવા વંચિતો આમાં ક્યાં? તે એક મોટો સવાલ થાય છે. જેની વસ્તી લગભગ ૭૦ ટકા જેટલી થવા જાય છે, છતાં ગુજરાતની રાજનીતિમાં તેમનો અવાજ ક્યાંય સંભળાતો નથી. તેમનો ઉપયોગ માત્ર દરવાજાના ઊંટીયા તરીકે જ થાય છે અને આવું કરવા માટે તેમને વિવિધ સેલના પ્રમુખ, મંત્રી, મહામંત્રી કે પછી કન્વિનર જેવું રૂડું-રૂપાળું પદ આપી દેવામાં આવે છે.

કદમ સમુદાયમાં મહિલાઓને સાથે ગણતાં આ આંકડો ૮૫ ટકા જેટલો થાય છે. તેની સામે ૧૫ ટકા લોકો આજે સત્તાના દરેક માળખામાં ગોઠવાઈને શોષણ કરી રહ્યા છે અને આ માળખા એટલે ધર્મ, બજાર, ન્યાયતંત્ર, મીડિયા અને રાજ્ય-અત્ર-તત્ર-સર્વત્ર આ ૧૫ ટકા લોકો જ જોવા મળે છે.

અહીં આપણે ગુજરાતની વિધાનસભાની ૨૦૦૭ની ચૂંટણીઓમાં ફાળવાયેલી ટિકિટો અને વંચિતોની ભાગીદારીની આંકડાકીય તુલના કરવી જરૂરી છે.

આ આંકડા ઉપરથી સ્પષ્ટ તારવી શકાય છે કે ભાજપે અને કોંગ્રેસે કોના ભોગે કોને ટિકિટ આપી છે. ગુજરાતના વંચિતો એવા કદમ સમુદાયની ૬૭ ટકા કરતાં વધારે વસ્તી હોવા છતાં માત્ર ૩૬ ટકા ટિકિટો જ ફાળવી છે. તેમાં પણ દલિત અને આદિવાસી સમુદાયની ૨૧.૫ ટકા બેઠકો અનામત ન હોત તો પરિસ્થિતિ આનાથી પણ વધુ ચિંતાજનક હોત. અહીં આ અનામત સિવાયની માત્ર ૧૪.૫ ટકા ટિકિટો જ વંચિત કદમ સમુદાયને ફાળવી છે.

સમગ્ર પૃથક્કરણમાંથી દલિત-આદિવાસીની સંખ્યા અને ટિકિટને એક બાજુ રાખીને ગણતરી કરીએ તો માત્ર ૧૮.૫૩ ટકા બેઠકો અન્ય વંચિતોના ફાળે આવી છે. તેમાં પણ ભાજપે તો પૂરી ૧૪ ટકા ટિકિટ ફાળવવા પણ ઉત્સાહ બતાવ્યો નથી. જ્યારે કોંગ્રેસે ૨૩ ટકા જેટલી જ ટિકિટ ફાળવી છે. આ બંને પક્ષોએ મળીને ૮૧.૪ ટકા ટિકિટો કહેવાતી ઉચ્ચ જ્ઞાતિઓને પધરાવી દેવાની ઉદારતા દાખવી છે. જેમાં ભાજપે ૮૬ ટકાથી વધારે ટિકિટ કહેવાતા સવર્ણોને ફાળવી છે.

દલિત અને આદિવાસીઓને અનામત સિવાયની સમ ખાવા પૂરતી એક જ ટિકિટ ફાળવી છે. ભાજપે હિંદુત્વના મુદ્દાને હાથવગું હથિયાર રાખવા માટે જેમની ગુજરાતમાં ૧૦ ટકા વસ્તી છે, તેવા મુસ્લિમો ૧૮ ટિકિટના હક્કદાર છે, તેમને એક પણ ટિકિટ ન

- **ગુજરાતના વંચિતો એવા કદમ સમુદાયની ૬૭ ટકા કરતાં વધારે વસ્તી હોવા છતાં માત્ર ૩૬ ટકા ટિકિટો જ ફાળવી છે.**
- **દલિત અને આદિવાસીઓને અનામત સિવાયની સમ ખાવા પૂરતી એક જ ટિકિટ ફાળવી છે.**
- **ભાજપે માલધારી સમુદાયને એકપણ ટિકિટ ફાળવી નથી, જ્યારે કોંગ્રેસે માત્ર એક જ ટિકિટ ફાળવી છે.**
- **મુસ્લિમો ૧૮ ટિકિટના હક્કદાર છે, તેમને એકપણ ટિકિટ નહિ, ફાળવીને ભાજપે પોતાનો સાચો ચહેરો બતાવ્યો છે.**

ફાળવીને સાચો ચહેરો બતાવ્યો છે. સૌરાષ્ટ્ર અને કચ્છમાં માલધારીઓની ૧૨થી ૧૫ટકા વસ્તી હોવા છતાં ભાજપે માલધારી સમુદાયને આ ચૂંટણી લડવા માટે એક પણ ટિકિટ ફાળવી નથી. જ્યારે કોંગ્રેસે માત્ર ૦૧ માલધારીને ટિકિટ આપી છે, તે પણ જ્યાં માલધારી વસ્તી સારા પ્રમાણમાં છે, ત્યાં નહીં !

ઉત્તર અને પૂર્વ ગુજરાતમાં ભાજપે માલધારીઓને બે ટિકિટ ફાળવી છે અને આ બંને સ્વબળે ચૂંટાઈ આવે તેવા ઉમેદવાર છે, જ્યાં માલધારી વસ્તી નહીવત્ છે.

ગુજરાતમાં બંને પક્ષોએ માલધારીને ૧૭ થી ૧૮ એમ કુલ ૩૫ ટિકિટો ફાળવવી વાજબી હોવા છતાં માત્ર પાંચ ટિકિટ ફાળવીને તેમની ૩૦ ટિકિટો ખૂંચવી લીધી છે.

ગુજરાતમાં જેમની સૌથી વધારે વસ્તી છે, તેવા ઠાકોર અને કોળી સમાજને બંને પક્ષોની થઈ ૭૬ ટિકિટ ફાળવવી જોઈએ તેના બદલે ૩૪ ટિકિટો ફાળવીને ૪૨ ટિકિટો ઝૂંટવી લીધી છે.

આમ વંચિતો (કદમ)ની ૧૧૫ ટિકિટો ઝૂંટવીને કહેવાતી ઉચ્ચજાતિના લોકોને આપી છે. વસ્તીના પ્રમાણમાં બ્રાહ્મણોને ૧૪ ટિકિટ વધારે ફાળવી છે જ્યારે વેપારી/વાણીયા/જૈન/લોહાણા વગેરેને ૧૬ ટિકિટ વધારે ફાળવી છે. એ જ રીતે ગુજરાતના રાજકારણમાં જેમની બોલબાલા છે તેવા પટેલોને ૩૩ ટિકિટ વધારે મળી છે. જ્યારે દરબારોને તેમની વસ્તી કરતાં ૪૦૦ ટકા વધારે ટિકિટ ફાળવવામાં આવી છે. કુલ ૨૧ ટિકિટ વધારે મળી છે. રાજપૂત-ક્ષત્રિયો પણ ૨૫ ટિકિટ વધારે મેળવવામાં સફળ રહ્યા છે.

અહીં જ્ઞાતિ આધારિત વિશ્લેષણ કરીને ગુજરાતમાં જ્ઞાતિવાદ વધારવાનો નહીં, પરંતુ ગુજરાતના રાજકારણમાં ચાલી રહેલા જ્ઞાતિવાદી વર્ચસ્વને લોકો સમક્ષ મુકવાનો ઇરાદો છે.

જ્ઞાતિ આધારિત ટિકિટો ન મળવી જોઈએ, આપણે નાત-જાતના ભેદ ભુલાવી દેવા જોઈએ - તે સિદ્ધાંતો સાથે સહમત, પરંતુ કહેવાતી ઉચ્ચ જ્ઞાતિના સત્તાધીશો પોતાની સત્તા ટકાવી રાખવા કેવી રીતે મોહરા ગોઠવે છે, તે સમજવું જરૂરી છે.

મળતા સમાચારો મુજબ કોળી-દલિત-માલધારી-મુસ્લિમ જેવા સમુદાયોએ ટિકિટ મેળવવા પક્ષોને નાણાં આપવા પડે છે. લાખ્ખોને કરોડોમાં ટિકિટ ખરીદાય તેવા સંજોગોમાં સામાન્ય માનવી, વંચિત કદમ સમુદાય આમાં કેવી રીતે આવી શકે ?

# પાર્થને કહો ચડાવે બાણ

**વાસુદેવ વોરા**

ભારતીય સમાજનું હાડ સ્વરાજના સ્વભાવનું બનેલું છે. સ્વરાજનો અર્થ રાજકીય, સાંસ્કૃતિક અને આધ્યાત્મિક છે. મહાત્મા ગાંધી આ તત્ત્વને તેના વાસ્તવિક અર્થમાં ઓળખી શક્યા હતા અને તેનું દર્શન તેમણે 'હિંદ સ્વરાજ'માં કરાવ્યું છે. "તેવું સ્વરાજ લેવા ખાતર આ દેહ અર્પણ છે, એમ મન સાક્ષી પૂરે છે." તેમ આ વિભૂતિએ સ્પષ્ટ રીતે લખ્યુંને બલિદાન પણ આપ્યું હોવા છતાં, તેમના કહેવાતા રાજકીય વારસોએ દેશના સ્વરાજને પરતંત્રનાં દર્શનમાં વટલાવીને પોતાના માટે મહાપાપ અને દેશ માટે પનોતી વહોરી લીધી છે!

'સ્વરાજ'નો અર્થ રાજકીય સ્વતંત્રતાથી ક્યાંય આગળની વાત છે. સ્વતંત્રતા મેળવ્યા પછી સ્વરાજનો પથ કંડારવાને બદલે વિકાસના પથની પસંદગીથી દેશ આજે અસમાનતા, શોષણ, અન્યાય, અત્યાચાર અને સામાજિક વિઘટનની ગર્તામાં ધકેલાઈ ગયો છે. જો આવું ન હોય તો દેશના વંચિત અને શોષિત ગ્રામીણ યુવાનોને રેંટિયાને બદલે રાયફલ હાથમાં લઈને જંગે શા માટે ચડવું પડે? વ્યાપક રીતે વિસ્તરી રહેલી નકસલવાદી હિંસક પ્રવૃત્તિ આનો બોલતો પૂરાવો છે. દેશની પ્રગતિને નામે કરાતી ગુલબાંગો વાસ્તવમાં આ દેશની બહુજન ગ્રામીણ જનતા સાથે ઘોર છેતરપીંડી છે.

આ છેતરપિંડીનું 'સુએઝફાર્મ' લોકશાહીના વાઘા ચડાવેલી ચૂંટણીપ્રથા છે. આ ચૂંટણીઓ એ કોઈ દેવદેવી હોય તે રીતે 'મતદાન એ પવિત્ર અધિકાર' છે, તેવી જાહેરાતોથી અબુધ પ્રજાની સાથે સાઠ-સાઠ વર્ષથી ગદ્દારી કરી રહેલી શાસક વ્યવસ્થાને પડકારવી, તે હવે પ્રજાધર્મ બની રહેવો જોઈએ. કેમ કે, તે પુસ્તકમાં જ ગાંધીજીએ લખ્યું છે, "બધા હિંદી સમજશે કે આપણે જે પાપ અંગ્રેજોને તેમના સુધારામાં ઉત્તેજન આપીને કર્યું છે તેનું નિવારણ કરવા દેહાંત લગી આંદામાનમાં રહીએ તો જરાય વધારે પડતું નથી થયું".

લોકશાહીને નામે પ્રજાને આપેલું શસ્ત્ર તેમનું સ્વરાજ મેળવવા માટે નિષ્ફળ પૂરવાર થઈ ચૂક્યું છે. સત્તા લોકો પાસે નહીં પણ રાજકીય પક્ષો પાસે સુરક્ષિત બની રહે, તેવી ગોઠવણની આ વ્યવસ્થામાં પલીતો ચાંપવાની જરૂરિયાત વિશે કોઈ હરફ નથી ઉચારતું. બૌદ્ધિકો અને સમાજસેવકો સુદ્ધાં આ વસ્ત્રાહરણને સંમતિસૂચક પ્રોત્સાહન આપી રહ્યા હોય, ત્યારે અસહાય નવયુવાન નકસલવાદને શરણે જાય તે તદ્દન સ્વાભાવિક જ નહીં, પરંતુ અપેક્ષિત બની રહે તેવી આ વરવી વાસ્તવિક્તા પ્રત્યે હવે આંખો ઉઘાડીને જોવાની જરૂર વર્તાય છે.

અત્યારે દેશમાં જે પ્રચારિત વાતાવરણ બનાવાઈ રહ્યું છે તેમાં શોષિત, વંચિત, ગરીબ, ગ્રામીણનું હિત સાચવવાની કોઈ વાત જ નથી. બલ્કે સત્તાના સાધનથી તેમને પોતાની ધરતી અને પરંપરાગત જીવન વ્યવસ્થાથી ઉખેડી નાખવાના મૂડીવાદી વ્યવસ્થાના એજન્ડાનો અગ્રતાક્રમે અમલ કરવામાં આવી રહ્યો છે.

પ્રચારિત વિકાસફૂચથી જો ગરીબોને લાભ થતો હોય, તેમનાં હિત સચવાતાં હોય તો નર્મદા આંદોલન કે નંદીગ્રામનો વિરોધ ઊભો જ શા સારું થાત ? વિસ્થાપન અને વિકાસ એક સિક્કાની બે બાજુ નથી પણ નબળાનો ભોગ લેવાય અને સબળાને ભોગવટો મળે તે અર્થ જનતાને સમજાઈ ચૂક્યો છે.

આ વિકાસનાં 'શૈતાની' સ્વરૂપને ગાંધીજીએ એક સો વર્ષ પહેલાં ઓળખી બતાવ્યું હતું. 'પશ્ચિમનો સુધારો નિરિશ્વરી છે' આ મહાત્માના તે શબ્દો આજે વાસ્તવિક્તા બનીને આપણી સામે ઊભા છે. વિકાસની આ ઘેલછામાં ધર્મભાવનાનો ગેરઉપયોગ પૂરા સમાજ અને રાષ્ટ્રના ચારિત્ર્યના વિનાશનો જાણે કે ધોરી માર્ગ બની ગયો છે. સીતાજીનાં અપહરણ માટે સાધુ બનીને ભીક્ષાની જોળી ફેલાવતા રાવણ જેવા દુષ્ટ લોકો સમાજની પવિત્ર ધર્મભાવનાનું અપહરણ કરી રહ્યા છે. લોકશાહીમાં આ લક્ષ્મણ રેખા ઓળંગતા રાક્ષસોના નાશ માટે રામશ્રીની સેનાના સૈનિક બનીને લડવા માટે આજે કોણ તૈયાર છે ? હનુમાન જેવી અડગ નિષ્ઠા અને સમર્પણના અભાવે લડવા નીકળેલા લોકો રાવણનાં સૈન્યથી અડગ ઓળખ આપવામાં નિષ્ફળ ગયાં છે.

**લોકશાહીમાં આ લક્ષ્મણ રેખા ઓળંગતા રાક્ષસોના નાશ માટે રામશ્રીની સેનાના સૈનિક બનીને લડવા માટે આજે કોણ તૈયાર છે ? હનુમાન જેવી અડગ નિષ્ઠા અને સમર્પણના અભાવે લડવા નીકળેલા લોકો રાવણનાં સૈન્યથી અડગ ઓળખ આપવામાં નિષ્ફળ ગયાં છે.**

જે ચૂંટણીમાં ઉમેદવાર બનતા લોકપ્રતિનિધિ લાખો-કરોડોની સંપત્તિના માલિક હોય, તે શેના જોરે ને શેને લઈને ચૂંટણી લડે છે, તે આજે હવે મતદારોને અજાણ્યું નથી રહ્યું. બહુસંખ્યક શોષિત સમાજના જ મતોથી સત્તા મેળવતી સરકારો પોતાના મતદારોને કદી જવાબદાર બની નથી. વળી તેવું તેઓ જરૂરી પણ નથી માનતા; કેમ કે ફરીને ચૂંટાવા માટે જે સાધનોનો ઉપયોગ થાય છે, તેમાં તેમની લોકનિષ્ઠાનું કોઈ વજુદ નથી. આ વાસ્તવિક્તા હોય ત્યાં લોકોને જવાબદાર રહેવાની કોઈને જરૂર શું રહે ?

આ પરિસ્થિતિ જાણતા વંચિત, શોષિત, ગરીબ લોકસમાજ માટે શું કરવાનું રહે છે ? અત્યારની રાજકીય ને સમાજસેવાની ગતીવિધિઓ જોતાં કોઈ સૂફિયાણી સલાહો દેવાનો અર્થ નથી. 'પાર્થને કહો ચડાવે બાણ, હવે તો યુદ્ધ એ જ કલ્યાણ'.

**(અનુસંધાન પાન ૫ ૫૨)**

# ગુજરાતના રાજકારણમાં ‘જ્ઞાતિ’નું મહત્ત્વ કેટલું ?

અતીત સુતરિયા

ગુજરાત એની રચના પછીની સૌથી મહત્ત્વપૂર્ણ ચૂંટણીઓમાંથી પસાર થઈ રહ્યું છે. અરુણ શૌરીને જેમાં ‘પી.એમ. મટીરિયલ’ ભળાય છે, તે નરેન્દ્ર મોદીનું મોદીત્વ આ ચૂંટણીઓમાં કસોટી પર ચઢવાનું છે. તહેલકા સ્ફોટ પછી ૨૦૦૨ની છાયામાંથી ૨૦૦૭ની વિધાનસભા ચૂંટણીઓ બાકાત રહેવાની નથી.

આ વખતની ચૂંટણીઓમાં વિપક્ષ કોંગ્રેસની સાથે સાથે મોદીનો મુકાબલો ખુદ તેમના જ પક્ષના અસંતુષ્ટો સાથે પણ થવાનો છે. અસંતુષ્ટ અને ભા.જ.પ.માંથી બરતરફ કરાયેલા ધારાસભ્યોમાં પટેલોની બહુમતિ, અસંતુષ્ટોના પટેલ, કોળી, ક્ષત્રિય, બ્રાહ્મણ સંમેલનોની સફળતા પછી હિંદુત્વથી ફાટફાટ ગુજરાતમાં આ ચૂંટણીઓ ‘જ્ઞાતિ’ના મુદ્દાને સાવ કોરાણે મૂકીને લડાશે તેમ માની શકાતું નથી.

દલિત બૌદ્ધિક ચંદ્રભાણ પ્રસાદ, ડેવિડ હાર્ડીમેનની કિતાબ ‘પ્રેઝન્ટ નેશનલિસ્ટ્સ ઓફ ગુજરાત’નો હવાલો આપીને, ગુજરાતના આઝાદી આંદોલનને ‘પાટીદાર આંદોલન’ની ઓળખ ઉભી કરી દીધી હતી એમ જણાવી, ગુજરાતના જ્ઞાતિવાદી રાજકારણના મૂળિયાં આઝાદી પૂર્વેના સ્વાતંત્ર્ય સંગ્રામમાં જુએ છે. પોતાના આ મતના સમર્થનમાં તેઓ ‘પટેલ’ સરદાર વલ્લભભાઈનું ૧૯૨૧થી ૧૯૪૬ના લાગલગાટ ૨૬ વર્ષનું કોંગ્રેસના પ્રમુખ હોવું કે ગાંધી-સરદારે ‘શ્રેષ્ઠ વૈષ્ણવ’ અને ‘પાટીદાર ગૌરવ’ના નામે કરેલી અપીલોને પણ ટાંકે છે!

## આરંભની ચૂંટણીઓ
## ‘જ્ઞાતિ’ નહીં ‘આઝાદીનો વારસો’ ચૂંટણી મુદ્દો

૧લી મે, ૧૯૬૦ના રોજ દ્વિભાષી મુંબઈ રાજ્યમાંથી મહારાષ્ટ્ર અને ગુજરાત એ બે નવા રાજ્યો અસ્તિત્વમાં આવ્યા હતા.

ગુજરાતનું નવું રાજ્ય અસ્તિત્વમાં આવ્યું ત્યારથી જ સત્તાની સાઠમારી શરૂ થઈ હતી. ખંડુભાઈ દેસાઈ અને બળવંતરાય મહેતા મુખ્યમંત્રીપદના પ્રબળ દાવેદારો હતા, પરંતુ બળવંતરાય મહેતા સાંસદ હતા અને ખંડુભાઈ દેસાઈ ચૂંટણી હારી ગયા હતા એટલે મુંબઈ રાજ્યના મંત્રીમંડળના સૌથી વરિષ્ઠ મંત્રી ડૉ. જીવરાજ મહેતા મુખ્યમંત્રી બન્યા. નવા રાજ્યની રચના થયા પછીની પ્રથમ ૧૯૬૨માં યોજાયેલી ચૂંટણીઓમાં કોંગ્રેસને ૧૧૩ બેઠકો મળી હતી.

આઝાદી પછીની આરંભની ચૂંટણીઓમાં કોંગ્રેસનો ચૂંટણી મુદ્દો તેનો આઝાદી માટેના આંદોલનનો વારસો જ બની રહેતો હતો. આ મુદ્દો પણ મતદારોને અસર કરનારો હોઈ કોંગ્રેસની ‘એક પક્ષ પ્રભુત્વ પ્રથા’ ચાલી. પરંતુ કોંગ્રેસની ગરીબલક્ષી કલ્યાણ રાજ્ય માટેની નીતિઓ સામે વિરોધ ઉઠતો રહ્યો. ૧૯૫૯માં ચક્રવર્તી રાજગોપાલાચારી, મીનુ મસાણી અને કનૈયાલાલ મુનશીએ આવી જ લાગણીથી પ્રેરાઈને સ્વંતત્ર પક્ષની રચના કરી. ગુજરાતનું અને દેશનું નેતૃત્વ મોટેભાગે સાધનસંપન્ન અને કહેવાતી ઉપલા વર્ણની જ્ઞાતિઓના હાથમાં હતું. ગરીબોના મતોથી સમગ્ર ઉચ્ચ વર્ગો સત્તા સંભાળતા હતા અને હજુ દલિતો-આદિવાસીઓ-ઇત્તર પછાતોને સત્તા પ્રાપ્તિના સોણલાં આવવાના બાકી હતા એ સમયમાં સ્વતંત્ર પક્ષની રચના થાય છે, તે નોંધનીય છે.

૧૯૫૯માં રાષ્ટ્રીય કક્ષાએ સ્વતંત્ર પક્ષની રચના થઈ એ પૂર્વે ગુજરાતમાં, ઈ.સ. ૧૯૫૨માં, ભાઈકાકા પટેલ (ભાઈકાકા) કોંગ્રેસથી જુદા પડી કિસાન સભામાં કાર્યરત હતા, ‘મુક્ત વેપાર, મુક્ત ખેતી, મુક્ત ધર્મ’નો સ્વતંત્ર પક્ષનો નારો તેમને અસર કરી ગયો એટલે ગુજરાતમાં તેમણે સ્વતંત્ર પક્ષની ધૂરા સંભાળી. ૧૯૬૨માં ૨૬ બેઠકો મેળવીને ભાઈકાકાએ સ્વતંત્ર પક્ષને ગુજરાતમાં મુખ્ય વિરોધપક્ષ બનાવ્યો.

ડૉ. જીવરાજ મહેતાએ ચૂંટણીઓમાં કોંગ્રેસને બહુમતિ અપાવી હોવા છતાં તેમની સામેનો અસંતોષ જૂથવાદમાં પરિણમ્યો હતો. બળવંતરાય મહેતાએ પેટાચૂંટણી માટે ધારાસભામાં પ્રવેશ મેળવ્યો. રાજકીય ખટપટ ઉગ્ર બનતાં ૧૯૬૩માં ડૉ. જીવરાજ મહેતાએ મુખ્યમંત્રી પદ છોડ્યું અને બળવંતરાય મહેતા મુખ્યમંત્રી બન્યા. ભારત-પાકિસ્તાન યુદ્ધના દિવસોમાં કચ્છની સરહદે તેમનું વિમાન તોડી પડાયું એટલે તેમણે રાજકીય તખતા પરથી વિદાય લીધી અને હિતેન્દ્ર દેસાઈ મુખ્યમંત્રી બન્યા. ૧૯૬૫ થી ૧૯૭૧ના હિતેન્દ્ર દેસાઈના મુખ્યમંત્રી-કાળ દરમિયાન ૧૯૬૭માં થયેલી ચૂંટણીઓમાં જૂથવાદ અને જાતિવાદે દેખા દીધી.

## ભાઈકાકા અને તેમનો પ(પટેલ)ક્ષ(ક્ષત્રિય)

૧૯૬૭માં રાષ્ટ્રીય કક્ષાએ કોંગ્રેસે ૮ મોટા રાજ્યોમાં સત્તા ગુમાવી અને સંયુક્ત વિધાયકદળની સરકારો બની. ગુજરાતમાં ભાઈકાકાના નેતૃત્વહેઠળ સ્વતંત્ર પક્ષે કોંગ્રેસનો વિકલ્પ અને જ્ઞાતિના મુદ્દે ધ્રુવીકરણ સાધ્યું, ગુજરાતની વસ્તી અને મતદાનના વલણો અંકે કરીને તેમણે પટેલો (પ) અને ક્ષત્રિયો (ક્ષ)ના રાજકીય મેળાપીપણાની વ્યૂહરચના ઘડી. ખુદ ભાઈકાકાને ક્ષત્રિય ઉમેદવાર નટવરસિંહ સોલંકી સામે પરાજય ખમવો પડ્યો હતો, તે જાત અનુભવમાંથી પણ તેઓ આવી રચના તરફ વળ્યા હતા. તો ક્ષત્રિય આગેવાનો આરંભે સરદાર અને પછી મોરારજી દેસાઈના એકહથ્થુ આધિપત્યથી દુભાયેલા હતા. ગુજરાતમાં ક્ષત્રિયોની વસ્તી ૪૦ ટકા જેટલી હોવા છતાં તેમનો રાજકીય દબદબો નહોતો અને વાણિયા-બ્રાહ્મણ મુખ્યમંત્રીઓ અને મંત્રીઓ તેમના માથે મરાતા હતા. ક્ષત્રિય સભાના આ આગેવાનોને પાટીદાર આગેવાન ભાઈકાકાએ રાજકીય અધિકારો માટે સજાગ કર્યા. ગુજરાતના પટેલો કોંગ્રેસના પરંપરાગત મતદારો હતા, પરંતુ ખેતપેદાશો પરના નિયંત્રણો, ઉદ્યોગો માટેની પરવાના પદ્ધતિ કે ગણોતધારાના અમલના મુદ્દે તે પણ કોંગ્રેસથી દુભાયેલા હતા. ગુજરાતના પટેલો અને ક્ષત્રિયોને આવી સ્થિતિમાં

ભાઈકાકાનું પીઢ નેતૃત્વ મળ્યું તેમણે કોઈ સિદ્ધાંતો કે નીતિઓના આધારે નહિ પણ હળાહળ જાતિવાદના ધોરણે ઉમેદવારોની પસંદગી કરી અને તેમની એ રણનીતિ કારગર પણ નીવડી. ગુજરાતના રાજકારણમાં 'જ્ઞાતિ'ના મહત્ત્વને સ્થાપિત કરનારી એ ચૂંટણીઓમાં સ્વતંત્રપક્ષે મોટી ફતેહ મેળવી. કોંગ્રેસને માંડ ૯૩ બેઠકો મળી. તો સામે પક્ષે સ્વતંત્ર પક્ષ ૬૬ બેઠકો ખાટી ગયો. સ્વતંત્ર પક્ષના નેજા હેઠળ ગુજરાતમાં પ્રથમવાર ૨૩ ક્ષત્રિયો અને ૧૩ પટેલો ધારાસભામાં પ્રવેશ્યા. સ્વતંત્રપક્ષની આ 'પક્ષ' થિયરીના કારણે કોંગ્રેસને પણ પોતાના ઉમેદવારોની પસંદગી જાતિના આધારે કરવી પડી. વિધાનસભાની ૧૬૮માંથી અડધો અડધ એટલે કે ૭૯ બેઠકો પર પાટીદારો અને ક્ષત્રિયો ચૂંટાયા હતા.

એ ચૂંટણીઓમાં કોંગ્રેસને ૯૩ બેઠકો મળતા છતાં ગુજરાતના રાજકારણમાં પક્ષપલટાનું દૂષણ હજુ પ્રવેશ્યું ન હોઈ કોંગ્રેસની જ સરકાર બની. ૧૯૬૯માં કોંગ્રેસના શાસક અને સંસ્થા કોંગ્રેસ એવા બે ભાગલા પડ્યા. ગુજરાત કોંગ્રેસ અને તત્કાલીન મુખ્યમંત્રી હિતેન્દ્ર દેસાઈ, મોરારજી દેસાઈ સંસ્થા કોંગ્રેસ સાથે રહ્યા. જો કે પક્ષમાં જૂથવાદ અને જાતિવાદ ચાલુ જ હતા. પાટીદાર પ્રધાન ચીમનભાઈ પટેલ મંત્રીમંડળના સભ્ય હોવા છતાં સરકારને અસ્થિર કરવામાં તેમણે મુખ્યભાગ ભજવ્યો, તેથી ૧૯૭૧માં હિતેન્દ્ર દેસાઈએ રાજીનામું આપવું પડ્યું.

૧૯૬૭ની ચૂંટણીઓમાં સ્વતંત્ર પક્ષે કશી રાજકીય વિચારધારાના જોરે નહીં પણ માત્ર જ્ઞાતિના આધારે સફળતા મેળવી હતી. સ્વતંત્ર પક્ષમાં પણ પટેલો અને ક્ષત્રિયોનું જ્ઞાતિ આધારે નેતૃત્વ મેળવવાની લડાઈ શરૂ થઈ. બારિયા નરેશ જયદિપસિંહે સ્વતંત્ર પક્ષ વતી હિતેન્દ્રભાઈની સરકારને ઉથલાવવા પ્રયાસો કર્યા, પરંતુ કોંગ્રેસના પટેલ ધારાસભ્યો છેકછેલ્લે ફરી ગયા. એને લીધે ગુજરાતમાં સ્વતંત્ર પક્ષની સરકાર ઉગ્યાં પહેલાં જ આથમી ગઈ. કોંગ્રેસના એક પક્ષી શાસનને તોડનાર સ્વતંત્ર પક્ષ એ જ વરવા જ્ઞાતિવાદનો ભોગ બન્યો. ૧૯૬૭ની ચૂંટણીઓ પછી તેના વળતા પાણી થયા. ૧૯૭૨માં તેને માંડ ચાર બેઠકો મળી અને ભાઈકાકાના દેહવિલય સાથે સ્વતંત્રપક્ષ પણ નામશેષ થઈ ગયો.

## ગુજરાતના રાજકારણમાં પટેલોનું પ્રભુત્વ

કોંગ્રેસના વિભાજન પછી ઇન્દિરા ગાંધીએ વડાપ્રધાનપદ મેળવ્યું અને ધીમે ધીમે પક્ષ પર પણ પ્રભુત્વ જમાવ્યું. ૧૯૭૧ના ભારત-પાકિસ્તાન યુદ્ધ પછી માર્ચ-૧૯૭૨માં યોજાયેલી ચૂંટણીઓમાં કોંગ્રેસે ફરી ૧૬૮માંથી ૧૩૯ બેઠકો મેળવી. કોંગ્રેસ વિભાજન વખતે અવઢવમાં રહેતા ક્ષત્રિયો પણ કોંગ્રેસ તરફ વળ્યા. ગુજરાતમાં મુખ્યમંત્રીપદના બે દાવેદારો, ચીમનભાઈ પટેલ અને કાંતિલાલ ધીઆ હતા. તેમના બંનેના દાવાને ઠુકરાવીને કોંગ્રેસ હાઇકમાન્ડ કહેતાં, ઇન્દિરા ગાંધીએ તેમના પ્રધાનમંડળના સાથી ઘનશ્યામ ઓઝાને મુખ્યમંત્રીપદે બેસાડ્યા. એટલે ગુજરાતના પ્રથમ પાટીદાર મુખ્યમંત્રી થવાનું ચીમનભાઈનું સ્વપ્ન ફળીભૂત ન થયું. ચીમનભાઈ સમસમી ગયા પણ તત્ક્ષણ મૌન રહ્યાં. પક્ષનો અસંતોષ અને જૂથવાદ પરાકાષ્ઠાએ પહોંચતાં મુખ્યમંત્રી ઘનશ્યામ ઓઝા માટે કામ કરવું મુશ્કેલ બન્યું. ૧૯૭૩માં તેમણે ચીમનભાઈ પટેલ પાસેથી ઉદ્યોગ ખાતું છીનવી લીધું એટલે તેમના જૂથનો વિરોધ વધ્યો. ૭૦ જેટલા ધારાસભ્યોએ સરકાર સામે અવિશ્વાસની દરખાસ્ત મૂકી. મોવડીમંડળના સમાધાનના પ્રયાસો સફળ ન થતાં ઘનશ્યામભાઈને જવું પડ્યું. ચીમનભાઈ પટેલનો પંચવટી પ્રપંચ સફળ થયો. કોંગ્રેસના ઇતિહાસમાં પ્રથમવાર મુખ્યમંત્રીપદ માટે મતદાન થયું. ચીમનભાઈ પટેલને ૭૨ અને હાઇકમાન્ડના ઉમેદવાર કાંતિલાલ ધીઆને ૬૨ મત મળ્યા. એટલે ચીમનભાઈએ સત્તાના સૂત્રો સાહ્યા. ગુજરાતના રાજકીય ઇતિહાસમાં પહેલા પટેલ મુખ્યમંત્રી તરીકે તેમનું નામ અંકિત થયું.

ચીમનભાઈ પટેલ કોંગ્રેસ હાઇકમાન્ડની પસંદગીના મુખ્યમંત્રી નહોતા એટલે જ્યારે નવનિર્માણ આંદોલન થયું ત્યારે ઘણાં કોંગ્રેસીઓનો તેને પ્રચ્છન્ન ટેકો મળ્યો. ઝીણાભાઈ દરજી, રતુભાઈ અદાણી અને સનત મહેતા તેમાં મોખરે હતા. નવનિર્માણનું આંદોલન ચીમનભાઈને માત્ર સત્તાભ્રષ્ટ કરીને જ ન રહ્યું પણ કોંગ્રેસવટો અપાવી રહ્યું. આંતરિક જૂથબંધી અને જાતિવાદના વરવા રાજકારણે રંગાયેલા કોંગ્રેસ પક્ષમાં માધવસિંહને પ્રદેશ પ્રમુખ બનાવાયા. ક્ષત્રિય આગેવાન અને વિપક્ષના નેતા માધવસિંહ સોલંકી, આદિવાસીઓના ઉદ્ધારક નેતા ઝીણાભાઈ દરજી અને કામદાર આગેવાન સનત મહેતાની ત્રિપુટીએ ગુજરાતમાં કોંગ્રેસને મજબૂત કરવાનું અને સાચી કોંગ્રેસ બનાવી, આમઆદમી સુધી લઈ જવાનું બીડું ઝડપ્યું... બીજી તરફ નવનિર્માણ આંદોલન પછી ગુજરાતના તમામ વિપક્ષોએ એકત્ર થઈને 'જનતા મોરચો' રચ્યો. જનતા મોરચાને ૮૩ અને કોંગ્રેસને ૭૫ બેઠકો મળી. ચીમનભાઈ પટેલે નવા રચેલા કિમલોપ (કિસાન મજદૂર લોકપક્ષ)ના ૧૨ ધારાસભ્યોના સહારે બાબુભાઈ પટેલની પ્રથમ બિનકોંગ્રેસી સરકાર રચાઈ. ગુજરાતને બીજા પાટીદાર મુખ્યમંત્રી મળ્યા.

ગુજરાતમાં જનતા મોરચાની સરકાર રચવાના થોડા સમય બાદ ઇન્દિરા ગાંધીએ દેશમાં કટોકટી લાદી. ગુજરાત બાબુભાઈના નેતૃત્વ હેઠળ સ્વતંત્રતાનો ટાપુ બની રહ્યો, પરંતુ બાબુભાઈની રાજવટ લાંબી ન ટકી. ઇન્દિરા ગાંધીના સાહ્યા ચીમનભાઈ પટેલે સરકારને સમર્થન પાછું ખેંચી લેતાં જ સરકાર ગબડી પડી. રાષ્ટ્રપ્રમુખનું શાસન લદાયું અને વિધાનસભા મૂર્છિત રખાઈ. જનતા મોરચામાંથી ઘણાં કોંગ્રેસમાં જોડાયા. પ્રથમવાર અન્ય પછાતવર્ગમાંથી આવતા માધવસિંહ મુખ્યમંત્રી બન્યા અને તેમણે સત્તાના સ્રોત જાણી લીધા.

કટોકટી ઉઠાવી લીધા પછી કોંગ્રેસનો ઘોર પરાજય થયો. માધવસિંહ સરકારને જવું પડ્યું. કટોકટીના કરતૂતોના નામે ઇન્દિરા ગાંધી અને તેમના પાટવીકુંવર સંજય ગાંધી સામે અનેક અદાલતી ખટલાઓ ચલાવાયા. ૭૭થી ૮૦ સુધીનો આ ગાળો ઇન્દિરા ગાંધીએ રાજકીય અરણ્યવાસમાં વીતાવ્યો. દક્ષિણ ગુજરાતની આદિવાસી

રેલીમાં ઝીણાભાઈ દરજીએ ઇન્દિરા ગાંધીને બરક્યા, જેણે ઇન્દિરાજી માટે પ્રાણવાયુની ગરજ સારી. કોંગ્રેસમાં નવસંચાર થયો અને ૧૯૮૦ની ચૂંટણીઓમાં ફરી ઇન્દિરા ગાંધીનો જય જયકાર થયો.

ચીમનભાઈ પટેલ (૧૭-૭-૧૯૭૩થી ૧૯-૨-૧૯૭૪ અને ૪-૩-૧૯૯૦થી ૧૭-૨-૧૯૯૪), બાબુભાઈ જશભાઈ પટેલ (૧૮-૬-૧૯૭૫ થી ૧૨-૨-૧૯૭૬ અને ૧૧-૪-૧૯૭૭ થી ૧૭-૨-૧૯૮૦), કેશુભાઈ પટેલ (૧૪-૪-૧૯૯૫ થી ૨૦-૧૦-૧૯૯૫) અને ૪-૩-૧૯૯૮ થી ૬-૧૦-૨૦૦૧)ના મુખ્યમંત્રી કાળની ગણતરી માંડીએ તો પાટીદાર મુખ્યમંત્રીઓનો સત્તાકાળ લગભગ ૧૨ વર્ષ જેટલો રહ્યો. જે ગુજરાતના સમગ્ર શાસન કાળમાં લગભગ ચોથા ભાગનો છે. માંડ ૧૨.૧૬ ટકા વસ્તી ધરાવતા પાટીદારોનો આ શાસનકાળ ગુજરાતના રાજકારણમાં તેમના પ્રભુત્વની ગવાહીરૂપ છે. વળી આ રાજકીય સત્તાના બળે પાટીદારોએ ખેતી, ઉદ્યોગો, પરિવહન, સહકારી સંસ્થાઓ, વ્યાપાર-વાણિજ્ય, શિક્ષણ વગેરે ક્ષેત્રોમાં વર્ચસ્વ જમાવ્યું છે. આજે જ્યારે ૨૦૦૭માં ભા.જ.પ.ના અસંતુષ્ટોમાં બહુમતિ પટેલ ધારાસભ્યો છે, ત્યારે પણ સરકારિયા કમિશનની ભલામણ કરતાં નાના એવા નરેન્દ્ર મોદી મંત્રીમંડળમાં પટેલ પ્રધાનો-સંખ્યા અને પ્રભુત્વ, બંને દૃષ્ટિએ ખાસ્સા બળુકા છે.

ગુજરાતના રાજકારણમાં પટેલોના પ્રભુત્વની અન્ય જ્ઞાતિઓ પરની અસરો પણ જાણવા જેવી છે. જ્યારે નવનિર્માણ આંદોલન પછી પ્રથમવાર બાબુભાઈ પટેલની બિનકોંગ્રેસી સરકાર રચાઈ ત્યારે 'લોકસમિતિ' ખ્યાત મિત્ર હસમુખ પટેલના શબ્દોમાં, 'પાટીદારો ધોતિયામાં સમાતા નહોતા.' ઇન્દિરા ગાંધી અને કોંગ્રેસ પક્ષનો કટોકટી પછી નાલેશીભર્યો પરાજય થયો અને બાબુભાઈ પટેલના નેતૃત્વમાં જનતા પક્ષની સરકાર રચાઈ, ત્યારે દલિતો-આદિવાસીઓ-ગરીબોને તેમના ઉદ્ધારના કામો યાદ કરાવીને કહેવાતું રહ્યું, 'બહુ ફાટ્યા'તા તમારી માના રાજમાં! આ તમારી માનું રાજ ન્હોય' તો 'નોકરી જોઈતી હોય તો પટલાણીના પેટે જનમ લઈ આવો' એવું સહકારી ક્ષેત્રના માંધાતાઓ ખુલ્લેઆમ ઓચરતા હતા.

આજે ગોરધન ઝડફિયા આણી મંડળી નરેન્દ્ર મોદીના હિટલરી શાસનનો વિરોધ કરવાની ગુલબાંગો પોકારે છે. તેમના આરાધ્ય એવા કેશુભાઈએ પ્રથમવાર મુખ્યમંત્રી તરીકે શપથ લીધા તેની મિનિટો પછી જ, એસ.ટી.ના ભાડા અડધા કરવાના ભા.જ.પ.ના ચૂંટણી ઢંઢેરાના વચનની યાદ અપાવી, તે માટેના નાણાં ક્યાંથી આવશે? એવું પૂછનાર પત્રકારને પટેલ ભાયડાના સ્વાંગમાં સૂણાવ્યું હતું કે, 'તારા બાપાના તબેલામાંથી...' કેશુભાઈના એ આરંભિક સ્વસ્તિ વચનો આજે સર્વક્ષેત્રના રાવણોના નાશ કરવા નીકળેલાઓને કોઈકે તો યાદ કરાવવા જ પડશે.

## 'ખામ'ના જન્માર્થી ઝીણાભાઈ, મરણાર્થી ખુદ ખામ !

ગુજરાતના રાજકારણમાં જ્ઞાતિના મહત્ત્વનું આલેખન કરતાં જેમ ભાઈકાકાની 'પક્ષ' વ્યૂહરચના, પટેલોનું પ્રભુત્વ તેમ 'ખામ' વ્યૂહરચના પણ ખૂબ જ અગત્યની છે.

ગુજરાતમાં કોંગ્રેસ માટે ૧૯૮૦ પછીનો તબક્કો ખૂબ જ મહત્ત્વનો બની રહ્યો. સમાજના અગ્રવર્ગો અને શહેરી-શિક્ષિત વર્ગોમાંથી કોંગ્રેસે પોતાનો જનાધાર ગુમાવી દીધો હતો. એટલે ફરી કોંગ્રેસે પોતાની પરંપરાગત મતબેંક તરફ નજર દોડાવી. ઝીણાભાઈ દરજીએ KHAM (ખામ) થિયરી વહેતી કરી. K એટલે ક્ષત્રિય, H એટલે હરિજન, A એટલે આદિવાસી, અને M એટલે મુસ્લિમ એવા ક્ષત્રિય, હરિજન, આદિવાસી અને મુસ્લિમના અંગ્રેજી આદ્યાક્ષરો ધરાવતી મતબેંકની ઝીણાભાઈને જરૂરિયાત જણાઈ. આ ચાર જાતિ-જમાતીને એકસૂત્રે ગાંઠી તેની ચૂંટણીલક્ષી ઉપયોગિતા સિદ્ધ કરવા કમર કસી. બહુમતી વસ્તી ધરાવતી પ્રજાનો ચૂંટણીલક્ષી ઉપયોગ કરવાની આ વ્યૂહરચનાએ ગુજરાતના રાજકીય જીવનની કરવટ બદલી નાંખી. આ 'ખામ' રણનીતિના જોરે ગુજરાતમાંથી સૌ પ્રથમવાર સમાજના કહેવાતા ભદ્ર વર્ગ પાસેથી સામાજિક-આર્થિક-શૈક્ષણિક પછાત વર્ગે નેતૃત્વ મેળવી લીધું. 'ખામ' પ્રયોગ સફળ રહ્યો અને કોંગ્રેસને ૧૮૨માંથી ૧૪૧ બેઠકો મળી. 'ખામ' થિયરીના જનક ઝીણાભાઈ દરજીએ માધવસિંહ સોલંકીને મુખ્યમંત્રી બનાવવામાં અને દલિત અગ્રણી યોગેન્દ્ર મકવાણાને કેન્દ્રના ગૃહ રાજ્યમંત્રી બનાવવામાં સિંહફાળો આપ્યો. માધવસિંહ મુખ્યમંત્રી બન્યા ત્યારે એ વખતના ગુજરાત પ્રદેશ કોંગ્રેસના પ્રમુખ ઝીણાભાઈ દરજી કહેતા હતા કે, "ગુજરાતના મુખ્યમંત્રી પદે બિરાજનાર અમારા માધવસિંહ ભણેલા-ગણેલા અને બુદ્ધિશાળી વકીલ છે. જે ક્ષત્રિયોમાં પણ પછાત ગણાતી બક્ષીપંચ કોમના છે. જેમણે બાળપણમાં હાથમાં દાતરડી લઈને કાળી મજૂરી કરી છે. ગુજરાતની રચના પછી પહેલીવાર આ વર્ગના ભાઈ આવા ઊંચા સ્થાને પહોંચી શક્યા છે. તેમણે ગરીબી જોઈ છે. ગરીબી શું છે તે ખુદ અનુભવ્યું છે, તેથી તે ગરીબો માટે જરૂર કંઈક કરી છૂટશે."

પરંતુ ઝીણાભાઈનો એ આશાવાદ લાંબો ન ટક્યો. માધવસિંહના મંત્રી મંડળમાં અન્ય પછાત વર્ગોનું પ્રભુત્વ હતું, પરંતુ દલિતો-આદિવાસીઓ કે ગરીબો તરફી આ સરકાર ન બની શકી. ગરીબોના મતે ચૂંટાયેલી અને કહેવાતા ગરીબોના પ્રતિનિધિઓની બનેલી સરકાર ધનપતિઓ-માલેતુજારો અને બિલ્ડરોના જ શરણે ગઈ. શરૂઆતમાં ઝીણાભાઈ દરજીને વીસ મુદ્દા કાર્યક્રમ અમલીકરણ સમિતિના અધ્યક્ષ બનાવાયા. તેમણે ગરીબ તરફી પગલાં ભરવા માંડ્યા, પણ એ લાંબુ ન ચાલ્યું. રતુભાઈ અદાણીએ કોંગ્રેસ છોડી, 'રાષ્ટ્રીય કોંગ્રેસ' નામનો નવો પક્ષ બનાવ્યો. માધવસિંહ શાસનના આરંભે જ ૧૯૮૧માં અનામત વિરોધી રમખાણો થયા અને દલિતો-આદિવાસીઓને પુષ્કળ નુકસાન થયું. 'ખામ' થિયરીના બે મુખ્ય ઘટકો દલિત અને આદિવાસીને જ સહન કરવું પડ્યું અને સરકાર જોતી રહી.

૧૯૮૫માં ધારાસભાની ચૂંટણીઓ આવતાં આવતાં તો પક્ષનો જૂથવાદ પરાકાષ્ઠાએ પહોંચ્યો. ઝીણાભાઈ દરજીનો અસંતોષ જૂથવાદમાં ખપાવાયો. સનત મહેતા, મનોહરસિંહજી જાડેજા તેવા મંત્રીઓ અને કરમશી મકવાણા જેવા ધારાસભ્યોને દરજીના સમર્થકો હોઈ ચૂંટણીમાં ટિકિટો ન આપી. છતાં માધવસિંહ 'ચૂંટણીની

વૈતરણી' ભારે સફળતાથી તરી ગયા. 'ખામ' થિયરીના આરંભે મળેલી તેનાં કરતાં વધુ બેઠકો (લોકસભામાં ૨૬માંથી ૨૫, વિધાનસભામાં ૧૮૨માંથી ૧૪૯) મેળવી, છતાં માધવસિંહનું શાસન પણ હાલક ડોલક થવા માંડ્યું. પોતાના પ્રથમ કાર્યકાળના અંતિમ વરસમાં (૧૯૮૫માં) તેમણે રાણેપંચના અહેવાલ નિમિત્તે અન્ય પછાત વર્ગોની અનામતો ૧૦ ટકાથી વધારીને ૨૭ ટકા કરી હતી. તેની સામેનું આંદોલન હિંસક અને વ્યાપક બન્યું કે તેમને સત્તા વંચિત કરીને જ જંપ્યું. તેમના પછી તેમના મંત્રીમંડળના આદિવાસી મંત્રી અમરસિંહ ચૌધરીને મુખ્યમંત્રી બનાવાયા. અમરસિંહ ચૌધરીએ અનામત વિરોધીઓ સામે શરણાગતિ સ્વીકારી લીધી અને ગાદી ટકાવી રાખી. આમ 'ખામ' થિયરીને લીધે મળેલી સત્તા 'ખામ'ના મતદારોને જરાય લાભદાયી ન નીવડી. 'ખામ' થિયરીના જનક ઝીણાભાઈ દરજીએ અમરસિંહ ચૌધરી મુખ્યમંત્રી બન્યા ત્યારે 'ખામ'નું વિશ્લેષણ કરતાં કવિતડું કરેલું :

**'ખામ'ના જન્માર્થી ઝીણાભાઈ,**
**વ્યાખ્યાર્થી સનતભાઈ,**
**લાભાર્થી માધવસિંહ**
**અને મરણાર્થી ખુદ 'ખામ'!**

ઝીણાભાઈ દરજીએ ગુજરાતના સત્તાકારણમાં ગરીબોનો અવાજ બુલંદ કરવા 'ખામ' થિયરી પ્રયોજેલી. જેને 'વરવા જાતિવાદ' કે 'હળહળા કોમવાદ' રૂપે ગુજરાતના રાજકીય વિશ્લેષકોએ વગોવી છે. સનત મહેતાએ આ ચૂંટણી રણનીતિને વ્યાખ્યાબદ્ધ કરી, માધવસિંહે તેનો ભરપૂર લાભ લીધો અને અમરસિંહે તેનો ખાત્મો બોલાવી દીધો. 'ખામ' થિયરીની નિષ્ફળતાનું કારણ સિદ્ધાંત, આદર્શ અને પ્રતિબદ્ધતાને વરેલી નેતાગીરીનો અભાવ હતું. વૈચારિક તાલીમના અભાવે સ્વતંત્ર પક્ષની 'પક્ષ' થિયરીના કે કોંગ્રેસની 'ખામ' થિયરીના લાભાર્થી નેતાઓ પરિવર્તનના વાહકો ન બની શક્યા અને સંકુચિત સત્તાકારણમાં જ અટવાયેલા રહ્યા. જો આ પક્ષોને નિષ્ઠાવાન, પ્રતિબદ્ધ અને વૈચારિક રીતે વધુ સજ્જ નેતાગીરી મળી હોત તો તેણે નિઃશંક ગુજરાતની કાયાપલટ કરી દીધી હોત.

જેમ પટેલ રાજવટ દરમિયાન પટેલો નિરંકુશ બની 'સૈયા ભયે કોતવાલ'માં રાચતા હતા. તેવું જ માધવસિંહના શાસનકાળમાં બનતું જોવા મળ્યું. ખુદ મુખ્યમંત્રીશ્રીના સસરા અને કોંગ્રેસી સાંસદ ઈશ્વરસિંહ ચાવડા, 'હું પટલાણીઓને હવે શીશીમાં તેલ લાવતી કરી મુકીશ' એવું પણ વદતા હતા. તેમાં ગરીબોનું કલ્યાણ કરવાની નહીં હાડોહાડ જાતિવાદની વાત હતી.

## પક્ષ, ખામ, ખાસ, ભામ, કોકમ, હમદોસ્ત અને...

ગુજરાતના રાજકારણમાં 'જ્ઞાતિ'ના ધોરણે સમયે સમયે જુદી જુદી વ્યૂહરચનાઓ ઘડાતી રહી છે.

'ખામ'ના પ્રથમ K માં ક્ષત્રિયને બદલે 'કોળી'નો સમાવેશ કરતી કે તે પછી રચાયેલી 'ખાસ' (KHAS) થિયરીમાં મુસ્લિમોને બદલે S (સવર્ણ)ને સમાવતી વ્યૂહરચનાઓ ઘડાતી રહી છે. ભામ (BHAM) કહેતાં B - બેકવર્ડ, H - હરિજન, A - આદિવાસી અને M - મુસ્લિમની, કોકમ (KOKAM) કહેતાં K - કોળી, O - ઓ.બી.સી., K - કણબી, A - આદિવાસી અને M - મુસ્લિમ, અને હમદોસ્ત (HAMDOST) કહેતાં H - હરિજન, A - આદિવાસી, M - મુસ્લિમ, D - દલિત, O - ઓબીસી જેવી વ્યૂહરચનાઓ પણ ગુજરાતના રાજકારણીઓએ તેમના ચૂંટણીકારણમાં અપનાવી છે અને નાની મોટી સફળતાઓ મેળવી છે. કેટલાંક જાતિગત સમીકરણો ગુજરાત-વ્યાપી ન રહેતાં ચોક્કસ વિસ્તારોમાં કાર્યરત બન્યાં હતા. જેમાં HMT વ્યૂહરચના ઉલ્લેખનીય છે. ગુજરાતના મહેસાણા વિસ્તારમાં H એટલે હરિજન, M એટલે મુસ્લિમ અને T ઠાકોરને સમાવતી ચૂંટણી રણનીતિઓ પણ કાર્ય કરી ચૂકી છે.

જો કે ભાઈકાકાની 'પક્ષ' કે ઝીણાભાઈ દરજીની 'ખામ' થિયરી જેવી વ્યાપક અને સત્તા આણી આપતી અસર અન્ય કોઈ ચૂંટણી વ્યૂહરચનાઓમાં જોવા મળતી નથી.

## દલિત, આદિવાસી રાજકીય અનામત અને 'જ્ઞાતિ'નું રાજકારણ

આઝાદી પછી નવા ઘડાનારા બંધારણમાં દલિતોના રાજકીય પ્રતિનિધિત્વ માટે ડૉ. બાબાસાહેબ આંબેડકર અલગ મતદાર મંડળ કે બેવડા મતાધિકારના આગ્રહી હતા. બ્રિટિશ સરાકરની વચનપાલનમાંથી પીછેહઠ અને ગાંધીજીના અસ્પૃશ્યો સહિતના હિંદુ સમાજની એક્તાના આગ્રહને કારણે પૂના કરાર રૂપે ડૉ. આંબેડકરને દલિતોના રાજકીય પ્રતિનિધિત્વ રૂપે રાજકીય અનામત બેઠકો મળી.

દલિતો (અનુસૂચિત જાતિ)ને અસ્પૃશ્યતા અને જ્ઞાતિગત ભેદભાવોને કારણે અને આદિવાસીઓ (અનુસૂચિત જનજાતિ)ને જંગલ વિસ્તારમાં વસવાટ અને વિકાસના અભાવને કારણે રાજકીય પ્રતિનિધિત્વ માટે ધારાગૃહોમાં અનામત બેઠકો આપવામાં આવી છે. બંધારણના અનુચ્છેદ ૩૩૦ અને ૩૩૨ દ્વારા દલિતો-આદિવાસીઓ માટે લોકસભામાં અને રાજ્યોની વિધાનસભાઓમાં અનામત બેઠકોની જોગવાઈ કરવામાં આવી છે. આ રાજકીય અનામત બેઠકોની સમયમર્યાદા બંધારણના ઘડવૈયાઓએ અનુચ્છેદ ૩૩૪ દ્વારા ૧૦ વર્ષની રાખી હતી. પણ સઘળા રાજકીય પક્ષોના (ડાબેરી પક્ષો સહિત) મેળાપીપણા અને રાજકીય ઈચ્છા શક્તિ(?)ને લીધે એની મુદ્દત દર દાયકે વધારાતી રહે છે.

ગુજરાતમાં લોકસભામાં દલિતોની બે અને આદિવાસીઓની ૪ બેઠકો અનામત છે. તો વિધાનસભામાં તેની સંખ્યા દલિતો માટે ૧૩ અને આદિવાસીઓ માટે ૨૬ છે. વોટબેંકના રાજકારણના વિરોધીઓને કે રાજકારણમાં જ્ઞાતિવાદની બોલબાલાને નેસ્તનાબૂદ કરનારાઓને જ્ઞાતિના ધોરણે રચાયેલી આ વ્યવસ્થા જરાય ખટકતી નથી. એટલું જ નહીં જ્યાં આવી વ્યવસ્થા નથી ત્યાં તેઓ ખાસ કરીને દલિતોને ભાગ્યે જ પ્રતિનિધિત્વ આપે છે.

સૂંડલા મોઢે દલિતોએ જેમને મતો આપ્યા છે અને આપતા રહે છે તે ગુજરાત કોંગ્રેસને તેના આટલા વરસોમાં માત્ર એક જ દલિત પ્રદેશ પ્રમુખ (રાઘવજી લેઉવા) મળ્યા છે. રાષ્ટ્રીય કક્ષાએ

દલિત અધ્યક્ષનું પત્તું રમનારા ભા.જ.પ.ને ગુજરાતમાં ભા.જ.પ.ના પ્રદેશ પ્રમુખ તરીકેનો તાજ દલિતના શિરે બેસાડવાનું કદીય સૂઝતું નથી. નરસિંહરાવના પ્રધાનમંત્રી કાળમાં પહેલીવાર કોંગ્રેસના તિરુપતિ અધિવેશનમાં કોંગ્રેસ કારોબારીની ચૂંટણી થઈ તો પક્ષના વરિષ્ઠ નેતા બુટાસિંહ ચૂંટણી એટલા માટે હારી ગયા હતા કે કોંગ્રેસ કારોબારીમાં 'અનામત'ની જોગવાઈ નહોતી! સાસંદના ઉપલાગૃહ રાજ્યસભામાં પણ અનામતની જોગવાઈ ન હોવા છતાં કોંગ્રેસે પહેલાં રાજુભાઈ પરમાર અને હવે પ્રવિણ રાષ્ટ્રપાલને રાજ્યસભાના સભ્ય ગુજરાતમાંથી બનાવ્યા છે. પણ અનેક દલિત નેતાઓ હરોળમાં હોવા છતાં ભા.જ.પ. એમની રાજ્યસભા સભ્ય બનવાની ભૂખ ભાંગતો નથી !

રાજ્યશાસ્ત્રના અભ્યાસી ડૉ. બળદેવ આગજા ગુજરાતના ૧૯૬૦થી ૨૦૦૨ના દલિત રાજકારણની સ્થિતિ આલેખતાં નોંધે છે કે, ગુજરાતની પહેલી ચૂંટણીમાં (૧૯૬૨) અનુસૂચિત જાતિની તમામ ૧૦ બેઠકો કોંગ્રેસને મળી હતી. બીજી ચૂંટણીમાં (૧૯૬૭) ૧૩માંથી ૮ બેઠકો કોંગ્રેસને અને ૫ સ્વતંત્ર પક્ષને મળી હતી. ૧૯૭૨માં કોંગ્રેસને ૧૪માંથી ૧૪ બેઠકો મળી પણ પછીની ચૂંટણીઓમાં દલિતોમાંથી કોંગ્રેસનો જનાધાર ઘટતો રહ્યો છે. ૧૯૯૮ની ધારાસભા ચૂંટણીઓમાં ૫ બેઠકો મેળવનાર કોંગ્રેસને છેલ્લી ૨૦૦૨ની ચૂંટણીઓમાં માત્ર ૪ જ બેઠકો મળી હતી. જ્યારે ભા.જ.પ.ની બેઠકો વધતી રહી છે. ૨૦૦૨ની ચૂંટણીઓમાં ભા.જ.પ.ના દલિત ધારાસભ્યોની સંખ્યા ૮ હતી.

આદિવાસી અનામત બેઠકોમાં પણ કુલ ૨૬માંથી ૧૯૯૮માં કોંગ્રેસે ૧૫, ભા.જ.પે. ૮ અને જનતાદળે ૩ બેઠકો જીતી હતી. ૨૦૦૨માં કોંગ્રેસની બેઠકો ઘટીને ૧૧, જનતાદળની બેઠકો ઘટીને ૨ અને ભા.જ.પ.ની બેઠકો વધીને ૧૩ થઈ છે. લોકસભાની બંને દલિત અનામત બેઠક પર ભા.જ.પ.ના ઉમેદવારો વિજયી થયા હતા. તો સામે પક્ષે લોકસભાની આદિવાસી અનામત બેઠકો પૈકી ૩ પર કોંગ્રેસ અને ૧ પર ભા.જ.પ.નો કબજો છે. એટલું જ નહીં ભરૂચની બિન અનામત પણ આદિવાસી મતદારોની બહુમતિને પ્રતાપે ત્યાં પણ આદિવાસી સાંસદ ચૂંટાયા છે. આદિવાસી વસ્તી એક જૂથે હોઈ અનામત બેઠકો ઉપરાંત સામાન્ય બેઠકો પરથી પણ લોકસભા-વિધાનસભામાં પ્રવેશવું શક્ય બન્યું છે. જો કે દલિતો માટે તે શક્ય નથી. દલિતોની ઓછી અને વેરવિખેર વસ્તીને લીધે તેના ઉમેદવારો સામાન્ય બેઠક પરથી ચૂંટાય કે તેને રાજકીયપક્ષો ટિકિટ આપે તેવું ખાસ બનતું નથી.

અનામત બેઠકો પર ખાસ કરીને અનુસૂચિત જાતિની અનામત બેઠકો પર ચૂંટાતા ઉમેદવાર કેટલા અંશે દલિતોનું પ્રતિનિધિત્વ કરે છે તે તેમના મતદારોના જ્ઞાતિ-પ્રમાણ પરથી પણ જાણી શકાય છે. ધંધુકાની અનુસૂચિત જાતિની અનામત બેઠકના કુલ ૧૧,૫૫,૮૪૭ મતદારોમાં દલિત મતદારોની સંખ્યા ૧,૫૯,૫૦૭ જ છે. તો પાટણની લોકસભાની અનામત બેઠકના કુલ ૧૧,૭૨,૨૪૯ મતદારોમાં દલિત મતદારોની સંખ્યા માત્ર ૯૦,૫૮૦ જ છે. આવી જ સ્થિતિ વિધાનસભાની અનામત બેઠકોની પણ છે. તેથી દલિતોનું સાચું રાજકીય પ્રતિનિધિત્વ જોવા મળતું નથી.

**૨૦૦૭ની ચૂંટણીઓ અને 'જ્ઞાતિ'નું રાજકારણ**

સત્તાપક્ષ અને વિપક્ષ ભલે 'જ્ઞાતિ'ના આધારે ચૂંટણીઓ લડવાની ના પાડે અને વિકાસ, સુશાસન, નેતૃત્વ, મોદીત્વ, હિંદુત્વના મુદ્દે ચૂંટણીઓ લડવાનો દાવો કરે પણ શું દેશના કે શું રાજ્યના રાજકારણમાંથી જ્ઞાતિવાદને દેશવટો મળ્યો છે, તેમ કહી શકાશે ખરું?

'ખામ'ને બદલે 'ખાસ' થિયરી જ્યારે ગુજરાતના રાજકારણમાં ચોર પગલે આવી છે અને 'ખામ'ના મુસ્લિમને બદલે 'ખાસ'ના સવર્ણને આ ચૂંટણીવ્યૂહ રચનામાં સમાવાયો છે અને તેના થોડા પરિણામો પણ આપણે જોયા છે. ગુજરાતના કોમી રમખાણોમાં મુસ્લિમોની સામે દલિતો-આદિવાસીઓ લડ્યા અને તેના પરિણામો પણ ભોગવ્યા છે. એક નાનકડા ઉદાહરણ પૂરતું જોઈએ તો દલિતોની અનામત બેઠકો પૈકી અમદાવાદની શહેરકોટડા અને ખેડા જિલ્લાની સોજિત્રાની બેઠકો પર ભા.જ.પ.ના દલિત ઉમેદવારો ચૂંટાયા છે. પરંપરાગત રીતે આ બેઠકો દલિતોની ઉપલી ગણાતી વણકર પેટાજ્ઞાતિના ઉમેદવારોથી જીતાતી હતી. ૨૦૦૨માં ભા.જ.પ.ના રોહિત પેટાજ્ઞાતિના ઉમેદવારોનો વિજય થયો. તેમાં દલિતોના પેટાજ્ઞાતિવાદ પર હિંદુત્વનો વિજય જોવો કે આ મતવિસ્તારના સવર્ણ મતદારોનું ભા.જ.પ. તરફી મતદાન જોવું?

મુખ્યમંત્રી નરેન્દ્રમોદી પોતાને બક્ષીમંડલ બિરાદરીના પ્રતિનિધિ તરીકે નહીં પણ ઉગ્ર હિંદુત્વના પ્રતિનિધિ તરીકે જ ગુજરાતના નાથ રૂપે ઓળખાવે છે. પરંતુ ચૂંટણીઓમાં ટિકિટોની વહેંચણી 'જ્ઞાતિ'ના આધારે નથી જ થતી એમ કહી શકશે ખરા? આત્મારામ પટેલના અવસાન પછી મહેસાણાની લોકસભા બેઠકની ચૂંટણીમાં કોંગ્રેસે પટેલ અને ભાજપે ઠાકોર ઉમેદવારનો ખેલ પાડ્યો હતો તે જાતિવાદ નહોતો? એટલે ભલે ભરતસિંહ સોલંકી 'કોઈ ખાસ વર્ગ કે જાતિની તરફેણમાં કોંગ્રેસ નથી' તેમ કહે અને 'કોંગ્રેસ સમગ્ર જાતિ-કોમ-ધર્મનું પ્રતિનિધિત્વ કરતી સંસ્થા' હોવાના બણગાં ફૂંકે રાખે, જ્યાં સુધી ગુજરાતના અને ભારતના સમાજજીવનમાં જ્ઞાતિની બોલબાલા હશે ત્યાં સુધી ભારતના કે ગુજરાતના રાજકારણમાંથી જ્ઞાતિના મહત્ત્વને મિટાવી શકાશે નહીં.

*સંદર્ભ : (૧) ગુજરાત : એ પોલિટિકલ એનાલિસિસ : નગીનદાસ સંઘવી, (૨) ગુજરાતનું રાજકારણ : ડૉ. મનહર જે. બક્ષી, (૩) ૨૧મી સદીનું ગુજરાત : પ્રવીણ ન. શેઠ, બળદેવ આગજા, (૪) આરપાર, આઉટલુક, અર્થાત્, નયામાર્ગ, નિરીક્ષકના અંકો.*

*(સૌજન્ય : 'દલિત અધિકાર' ૧૬ નવેમ્બર, ૨૦૦૭)*

**નોંધ : 'ચૂંટણી વિશેષાંક'ને કારણે સ્પેનમાં મળેલા માલધારી સંમેલનના જાહેરનામાના મુદ્દા અને 'ગોચરની જમીન બચાવવા માટે યુવા મિત્રોનો સંઘર્ષ' સમાવી શક્યા નથી. તે આવતા અંકમાં સમાવાશે.**

# ફરી છેતરાઈએ નહિ, તેવો નિર્ધાર કરવો પડશે

**લાલજી દેસાઈ**

ગુજરાતની ઓળખ મહાત્મા ગાંધી, સરદાર પટેલ, આંબેડકર, ઇન્દુચાચા, રવિશંકર મહારાજ અને કૃષ્ણના ગુજરાત તરીકે થશે કે પછી મોદી, તોગડિયા અને બાબુ બજરંગીના ગુજરાત તરીકે થશે, તેનો ફેંસલો કરવાની ઘડી ગુજરાતની જનતા પાસે ચૂંટણી સ્વરૂપે આવી ગઈ છે.

ચૂંટણી એક એવો અવસર છે જેમાં જનતા નિર્ણય કરે છે કે આવનાર પાંચ વર્ષમાં પોતાના ગામ, તાલુકા, જિલ્લા, રાજ્ય કે દેશની ધુરા કોના હાથમાં સોંપવી. આવે ટાણે ગત પાંચ વર્ષમાં જનતાની આશા અપેક્ષા મુજબ શાસન ચાલ્યું કે નહીં ? તેના લેખાં જોખાં કરવાની તાતી જરૂર છે.

આજે પણ ગુજરાતમાં લોકો એક બીજાને મળે ત્યારે પૂછે છે, 'કેમ છો?' 'સુખ શાંતિ છે ને?' આનો અર્થ એ થાય કે જનતાને મંદિર-મસ્જિદમાં કે હિન્દુ-મુસ્લિમના ઝગડામાં રસ નથી. તેમને ભારત-પાકિસ્તાનના યુદ્ધમાં રસ નથી. માત્રને માત્ર સુખ અને શાંતિમાં રસ છે. આ સુખ-શાંતિના બે જોડીયા શબ્દોમાં સમાજના સપનાં (વિઝન)નું દર્શન થાય છે. જેમાં, સ્વાવલંબન, સમન્વય, સલામતી, સમવૃદ્ધિ, સુશિક્ષણ, સ્વાસ્થ્ય, સંપ-સહકાર અને સ્વાભિમાનનો સમાવેશ થાય છે.

આવો સમાજ ત્યારે જ બની શકે જ્યારે રાજ્ય, દેશમાં સુશાસન હોય, સમુદાયોની સુખાકારી માટેની ચિંતા હોય, પ્રયત્નો હોય અને આ કાર્યો બરાબર થયા કે નહીં તેના આધારે શાસનની ધુરા જનતાએ સોંપવાની હોય.

વિકાસના મુદ્દે ચૂંટણીઓ લડાશે તેવી ગુલબાંગો પોકારનારા આપણાં મુખ્યમંત્રી હવે ચૂંટણી-પ્રચારમાં તેમની જાહેરાતો અને ભાષઓમાં ઝેર ઓકી રહ્યા છે. જેની જવાબદારી સુશાસન આપવાની હોય તેવા મુખ્યમંત્રી જનતાને મૂર્ખ બનાવીને હિંદુત્વના જુના હથિયારને ધાર કાઢી રહ્યા છે.

ગયા સપ્તાહે તેમણે ફરીથી માંગરોળ, જંબુસર અને ગોધરામાં ભાષણ કરીને તેમનો વિકાસનો 'મુખોટો' ઉતારીને હિંદુત્વનો 'મુખોટો' પહેરી લીધો છે. તેમણે જોયું કે વિકાસના મુદ્દે જનતા તેમની સાથે આવે તેમ નથી. વિજળી, પાણી, રોજગારી, રસ્તા, શિક્ષણ, આરોગ્ય, રાશન, રહેઠાણ, સલામતી જેવા મૂળભૂત મુદ્દે તેમની સરકાર સામાન્ય જનતા માટે સરેઆમ નિષ્ફળ રહી છે.

જનતાને આપેલા 'ભય ભૂખ ભ્રષ્ટાચારમાંથી મુક્તિ' જેવા સૂત્રો બૂમરેંગ પૂરવાર થયા છે. આમ આદમી આજે વધારે અસલામત, બેરોજગાર અને ભ્રષ્ટાચારનો ભોગ બન્યો છે.

- રાશન અને રાશનકાર્ડમાં ગોટાળા સર્જાયા છે.
- શિક્ષણનું ખાનગીકરણ અને તેમાં થતી લેવડદેવડથી ગરીબોના બાળકો આગળ ભણી નથી શક્તા.
- શિક્ષણમાં ગુણવત્તાના નામે મીંડુ જોવા મળે છે.
- આરોગ્યની સુવિધાઓ કથળી છે, સરકારી દવાખાનાઓ ખંડેર બન્યા છે. ખાનગી હોસ્પિટલો આજે ધીકતો ધંધો બન્યા છે.
- ઝૂંપડાવાસીઓને ખસેડીને વૈભવી ઇમારતો બની રહી છે.
- નાના લારી-ગલ્લા-દુકાનોવાળાને ખતમ કરીને મેગા મોલ - સુપર મોલ સર્જાયા છે.
- મુંગા જાનવરોને ભૂખે મારી ગોચરો-ચરિયાણ ઉદ્યોગપતિઓને પધરાવ્યા છે.
- ગરીબોના જીવન-નિર્વાહ માટે બે એકર જમીન આપવાના બદલે ઉદ્યોગપતિઓને ૧૦-૧૦ હજાર હેક્ટર જમીન પાણીના ભાવે વેચી છે.
- ખેતીનો વિકાસ માત્ર ૧ ટકાની ગોકળગતિએ થાય છે.
- ખેડૂતો, મજૂરો અને માલધારીઓ દેવામાં ડૂબતા જાય છે, જ્યારે ઉદ્યોગપતિઓ અબજોપતિ બનતા જાય છે.
- હત્યા, આત્મહત્યા અને એન્કાઉન્ટરમાં ઊડીને આંખે વળગે તેવો વધારો થયો છે.
- માનવ-વિકાસના મુદ્દે આજે ગુજરાત શિક્ષણ, આરોગ્ય અને સલામતિના માપદંડમાં પીછે હટ કરી રહ્યું છે.
- સામાજિક સુરક્ષાના મુદ્દે અપાતી સહાયમાં કાપ અને અનિયમિતતા જોઈ છે.
- સુરતથી લઈને ઉત્તર ગુજરાત સુધી છેલ્લા વર્ષોમાં અસરગ્રસ્ત લોકો આજે પણ વળતરની આશામાં બેઠા છે.
- ગ્રામસભા જેવી વિકેન્દ્રીત લોકશાહી વ્યવસ્થાને તોડીને સરકારી સત્તાઓ બનાવી દીધી છે.
- 'સમરસ'ના નામે બિનહરીફ ચૂંટણીઓ કરાવી, નાણાં અને સત્તાના જોરે જનતાનો મત આપવાનો અધિકાર ઝૂંટવી લીધો. આથી સામંતવાદી લોકો સત્તામાં આવ્યા છે.
- પીવાનું ચોખ્ખું પાણી આજે પણ આમ જનતા માટે સપનું જ છે. દિવસ આખો લાઇનમાં ઊભા રહ્યા

પછી પણ ૩૦૦૦ ટીડીએસવાળું પાણી લોકોને પીવું પડે છે.

- મજૂરોને સ્થાનિક રોજગારી ન મળતાં રૂા. ૨૫થી ૫૦માં કામ કરવા સ્થળાંતર કરવું પડે છે.
- છેલ્લા પાંચ વર્ષમાં એસ.ટી. (બસ)ના ૬૬ ટકા ફેરા ઘટાડ્યા છે. ૨૧૧૧૪ ફેરાને બદલે માત્ર ૬૬૮૫ ફેરા હવે એસ.ટી. કરે છે.
- ખેતીમાં વીજદર દોઢા થયા છે.

આવી ભયાનક સ્થિતિમાં વિકાસના નામે ચૂંટણી લડવાનું દુઃસાહસ આપણાં મુખ્યમંત્રી કરી શકે તેમ હતા જ નહીં.

ગોધરા, જંબુસર અને માંગરોળની સભામાં જનતાને આપણાં 'જાદુગર' પૂછે છે, કે તમે ન્યાય કરો. શોરાબુદ્દીનનું એનકાઉન્ટર થવું જોઈએ કે નહીં ? શું આ માટે સોનિયા બહેનની રજા લેવાની હોય ? વગેરે... હદ તો ત્યારે થાય છે, જ્યારે રાજ્યનો મુખ્યમંત્રી જનતાની વચ્ચે ખુલ્લેઆમ આવી અન્યાયી ઘટનાઓમાં પોતે કેવી રીતે 'ન્યાય' કર્યો તેની વાત કરે છે. દેશની સુપ્રિમ કોર્ટ આને ગેરકાનૂની ગણે છે. શું શોરાબુદ્દીનની સાથે નિર્દોષ કૌશરબીની હત્યા અને તુલસી પ્રજાપતિની હત્યા, હરેન પંડ્યાની રાજકીય હત્યા વિશે જનતાને પૂછવાની હિંમત આપણા મુખ્યમંત્રી કરશે?

વીજળી, પાણી, શિક્ષણ, રાશન, રહેઠાણ અને રોજગારી જેવી પ્રાથમિક જરૂરિયાતના મુદ્દે આપણા નરેન્દ્ર મોદી જનતાની અદાલતમાં જઈ જનતાને ફેંસલો કરવાનું કહેવાની હિંમત કરશે? કદાપી નહીં.

એક ગુજરાતી હોવાના નાતે ગુજરાતી તરીકે મારું અને તમારું ગૌરવ, સ્વાભિમાન જળવાય તેવો નિર્ણય કરવાની તક આપણાં હાથમાં આવી છે, ત્યારે આપણે ફરી એકવાર છેતરાઈ નહિ તેવો નિર્ધાર કરવો પડશે.

---

**(સામેના પાનનું અનુસંધાન)**

હિમાયતી જોતીરાવ સ્ત્રી-પુરુષ સમાનતા અને સ્ત્રીમુક્તિના પ્રગતિશીલ ખ્યાલોના પુરસ્કર્તા હતા. વિધવાઓની છુપી અને સલામત સુવાવડ માટે તેમણે બાળહત્યા પ્રતિબંધક-ગૃહની રચના કરી હતી. જ્યાં વિધવાને સલામત સુવાવડ બાદ જો તે બાળકને લઈ જવા ન ઇચ્છતી હોય તો બાળકની સંભાળની વ્યવસ્થા ઊભી કરી હતી. આજ ગૃહમાં વિધવા કાશીબાઈની કુખે જન્મેલ પુત્રને દત્તક લઈને નિઃસંતાન ફુલે દંપતીએ સામાજિક ક્રાંતિનો એક નવો રાહ ચીંધ્યો હતો.

વિધવા વિવાહની ચળવળને તેમણે ટેકો આપ્યો હતો. ૧૮૯૦માં વાળંદ પરિષદમાં વિધવાઓના કેશમુંડન નહીં કરવાનો ઠરાવ કરાવીને તેમણે વિધવાની સ્થિતિ સુધારવા પર ભાર મૂકેલો. ૧૮૮૬માં પોતાના પુનાના મકાનમાં પાણીનો હોજ અસ્પૃશ્યો માટે ખુલ્લો મૂકીને તેમણે મહારાષ્ટ્રમાં ખળભળાટ મચાવી દીધો. હંટર કમિશન સમક્ષની તેમની શિક્ષણ સુધારણાની રજૂઆત શિક્ષણનો મહત્ત્વનો દસ્તાવેજ ગણાય છે. પુના નગરપાલિકાના સભ્ય તરીકે ગવર્નર જનરલની મુલાકાત ટાણે તેમને સરભરાના ખર્ચનો વિરોધ કરીને તે રકમ શિક્ષણ પાછળ ખર્ચવાની ઝુંબેશ આદરી હતી, અને દારૂની નવી દુકાનોને મંજૂરી ન મળે તે માટે અભિયાન ચલાવ્યું હતું. ફુલેએ જે પછાત વર્ગો માટે કામ કર્યું તેમની પર આજે પણ અત્યાચારો થાય છે. અંધશ્રદ્ધા, કર્મકાંડ ને દારૂ સામે જેહાદ જગવી તે બદીઓ આજેય વ્યાપક છે. શોષણની માત્ર પદ્ધતિઓ બદલાઈ છે, ત્યારે મહાત્મા ફુલેની આજેય પહેલાં જેટલી જ જરૂર છે તેમ લાગ્યા વિના રહેતું નથી. આજે ફુલે પુજાનારા અને સમાજસેવકના નામે ફુલાઈને ફરનારાની સંખ્યા વધતી જાય છે, પણ મહાત્મા ફુલે ક્યાંય શોધ્યા જડતા નથી.

## સપ્તક્રાંતિ... સંપૂર્ણ ક્રાંતિ

સાત પ્રકારની ક્રાંતિઓ મળીને એક સંપૂર્ણ ક્રાંતિ બને છે, એમ હું કહ્યા કરતો હોઉં છું. સામાજિક ક્રાંતિ, આર્થિક ક્રાંતિ, રાજનૈતિક ક્રાંતિ, સાંસ્કૃતિક ક્રાંતિ, વૈચારિક અથવા બૌદ્ધિક ક્રાંતિ, શૈક્ષણિક ક્રાંતિ અને નૈતિક અને આધ્યાત્મિક ક્રાંતિ. આ ક્રાંતિ શબ્દમાં 'પરિવર્તન' અને 'નવનિર્માણ' બંને અભિપ્રેત છે.

સૌથી પછવાડે રહી ગયેલા આપણા માનવબંધુને ધાબળો ઓઢાડી આવવો તે પણ સંપૂર્ણક્રાંતિની દિશાનું એક પગલું છે.

**(લોકનાયક જયપ્રકાશ નારાયણના વિચારબિંદુ**
**સંપાદક - પ્રભાકર ખમાર, મહાદેવ વિદ્રોહી**
**પ્રકાશક : સદ્‌વિચાર પરિવાર)**

"શિક્ષણ, સૂઝબુઝ, માહિતી અને અનુભવ મારી પાસે હોવાને લીધે કોઈપણ અનિષ્ટનો વિરોધ કરવામાં કે તેની સામે લડવામાં મને મુશ્કેલી પડી નથી."

"હું માનું છું કે મારી વ્યાખ્યા પ્રમાણેની લોકશાહી સરકાર દ્વારા લોકોના આર્થિક અને સામાજિક જીવનમાં ધરમૂળના ફેરફાર અને લોહી વહાવ્યા વગરની રીતથી આકાર પામેલી હોય."

**- ડૉ. બાબાસાહેબ આંબેડકર**
**(૬ ડિસેમ્બર, બાબાસાહેબ આંબેડકર પૂણ્યતિથિ)**

# સમાજ પરિવર્તનના ક્રાંતિકારી જ્યોતિર્ધર - મહાત્મા ફુલે

મણીલાલ એમ.

મહારાષ્ટ્રના સમાજ-સુધારક પરીવર્તક એવા ક્રાંતિકારી કર્મશીલ જોતીરાવ ફુલે સાધુ, સંત કે સન્યાસી નહીં પણ નિર્ભેળ સંસારી હતા, છતાં સાચા અર્થમાં સંસારી સાધુ હતા. ગાંધીજી પહેલાં સ્વયંભુ પ્રજાજનો દ્વારો કોઈને 'મહાત્મા'નું બિરુદ મળ્યું હોય તો તે જોતીરાવ ફુલેને. જોતીરાવ ફુલે મૂળ મહારાષ્ટ્રની માળી કોમના હતા અને તેમની મૂળ અટક 'ગોરહે' હતી, પણ તેમના ફુલોના વ્યવસાયના કારણે તેઓ 'ફુલે' તરીકે ઓળખાયા અને આજીવન ફૂલોની જેમ માનવધર્મ અને સમાજસેવાની સુવાસ પ્રસરાવી. નામ તેવા ગુણ માનવીમાં ભાગ્યે જ જોવા મળતા હોય છે. પણ જોતીરાવમાં નામ પ્રમાણે ગુણ હતા અને તેઓ સાચા અર્થમાં સમાજ પરિવર્તનના જ્યોતિર્ધર હતા. જેમને ડૉ. બાબાસાહેબ આંબેડકરે પોતાના ત્રીજા ગુરુ ગણાવ્યા છે, તે મહાત્મા ફુલેએ પેશવા શાસનમાં રૂઢીચુસ્ત બ્રાહ્મણો, શાહુકારો, જમીનદારો અને શાસકોની  નાગચુડમાં ફસાયેલી મહારાષ્ટ્રના પછાત વર્ગોની પ્રજા, મહિલાઓ, ખેડૂતો અને કામદારોમાં સમાજ પરિવર્તનનો પવન ફુંક્યો હતો.

યુવાન જોતી એક બ્રાહ્મણ સ્નેહીના નિમંત્રણથી લગ્નમાં ગયા હતા પણ તેમને અછુત ગણીને અપમાનિત કરીને ત્યાંથી કાઢી મૂકવામાં આવ્યા. બસ આ ઘટનાથી તેમનામાં સામાજિક ક્રાંતિનો વિચાર સ્ફૂર્યો અને તેનો ઉકેલ તેમને શિક્ષણમાં દેખાયો. તેમણે નોંધ્યું છે કે વિદ્યા વિના મતિ ગઈ, મતિ વિના નીતિ ગઈ, નીતિ વિના ગતિ ગઈ, ગતિ વિના વિત્ત ગયું અને વિત્ત વિના શુદ્રો ડુબ્યા.' આટલા બધા અનર્થ એક અવિદ્યાએ કર્યા છે. આથી ૧૮૪૭માં શિક્ષણ પૂરું કર્યા બાદ ૧૮૪૮માં તેમણે અતિ પછાત વર્ગોની બાળાઓ માટે શાળા શરૂ કરીને શિક્ષણયજ્ઞનો આરંભ કર્યો. પત્ની સાવિત્રીબાઈએ પણ વેતન વિના પતિના કાર્યમાં શિક્ષિકા તરીકે સહયોગ આપ્યો.

હવે ફુલેની મુશ્કેલીઓ અને પડકારોનો સમય શરૂ થયો. બ્રાહ્મણોના પ્રભુત્વવાળા સમાજમાં આવી શાળાનો વિરોધ થતાં ફુલેના પિતાએ તેમને શાળા બંધ કરવા કાં ઘર છોડી દેવા જણાવ્યું. ફુલેએ ઘર છોડવાનો બીજો વિકલ્પ પંસદ કરીને પોતાનો સમાજ સેવાનો પાકો જીવનરાહ નક્કી કરી લીધો. શાળા શરૂ કરવા કોઈ હિંદુએ મકાન ન આપ્યું, પણ એક મુસ્લિમ સજ્જનની ભાડાની જગ્યામાં શાળા શરૂ કરી. ૧૮૫૨માં બધા વર્ગોની બાળાઓ માટે શાળા અને ૧૮૫૫માં શ્રમજીવીઓ માટે રાત્રી શાળા શરૂ કરી. આમ માત્ર પછાત વર્ગની છોકરીના શિક્ષણને બદલે તમામ બાળાઓ માટે શાળા શરૂ કરીને મહિલા શિક્ષણનું ફલક તેમણે વિસ્તાર્યું. ફુલેની ગરીબજ્ઞાતિની સેવાને તે સમયનો સમાજ કેવી રીતે સાંખી લે? ફુલે પર શારીરિક હુમલા અને હત્યાના પ્રયાસો થયા, પણ હુમલા કરનારાનું હૃદયપરિવર્તન થતાં તેઓ ફુલેના કાર્યમાં જોડાઈને તેમના અનુયાયી બન્યા હતા.

મહાત્મા ફુલેના પછાતવર્ગોના કલ્યાણ વિશે ઘણું નોંધાયું છે, પણ તેમની ખેડૂતોની ચળવળ વિશે બહુ ઓછું યા નહિવત્ લખાયું છે. દુરદર્શી ફુલેએ તો ૧૮૮૫માં કોંગ્રેસની સ્થાપના ટાણે જ આગાહી કરી હતી કે આ ભણેલા અને બળીયા એવા મુઠ્ઠીભર લોકોની ચળવળ હોઈ અસમાનતા અને શોષણ જેવાં દુષણો દૂર કરી શકશે નહીં. કોંગ્રેસની શતાબ્દી પછી પણ ફુલેના શબ્દો આજે કેટલા બધા સાર્થક-સાચા લાગે છે! ૧૮૮૯માં મુંબઈમાં કોંગ્રેસનાં અધિવેશન ટાણે ત્યાં ફુલેએ ૨૨ ફૂટ ચીંથરે હાલ ભારતીય ખેડૂતનું પૂતળું મૂકીને કોંગ્રેસને ખેડૂતોની દુર્દશાને ખ્યાલ આપવા પ્રયાસ કર્યો હતો. મહારાષ્ટ્રમાં ૧૮૭૭ના દુકાળમાં પુનામાં આવેલાં ગ્રામીણ બાળકો માટે તેમણે વિક્ટોરિયા બાલાશ્રમ દ્વારા રોટલો અને ઓટલો પૂરાં પાડ્યો હતો, અને બે વર્ષ દુકાળ રાહતનાં કાર્યો ચલાવ્યાં હતાં. જમીનદારો અને શાહુકારો સામેની ચળવળને દોરવણી આપીને ખેડૂતોને સંતાનોને ભણાવવા, નવી પદ્ધતિથી ખેતી કરવા, બાળલગ્નો ન કરવા, પશુ સુધારણાની નવી ઓલાદો બનાવવા, કુવા ખોદવા, નાના બંધ અને સંતાનોને વિવિધ કૌશલ્યની તાલીમ આપવા જેવી અનેક પ્રકારની સલાહ ખેડૂતોની સભાઓમાં આપતા હતા.

**ડૉ. બાબાસાહેબ આંબેડકરે પોતાના ત્રીજા ગુરુ ગણાવ્યા છે, તે મહાત્મા ફુલેએ પેશવા શાસનમાં રૂઢીચુસ્ત બ્રાહ્મણો, શાહુકારો, જમીનદારો અને શાસકોની નાગચુડમાં ફસાયેલી મહારાષ્ટ્રના પછાત વર્ગોની પ્રજા, મહિલાઓ, ખેડૂતો અને કામદારોમાં સમાજ પરિવર્તનનો પવન ફુંક્યો હતો.**

ખેડૂતોને ઉત્કૃષ્ટ ખેતીનું ઉદાહરણ પૂરું પાડવા જમીન ખરીદીને બટાટા, નારંગી, ફુલેવર અને શેરડી જેવા પાકોની આધુનિક ખેતી શરૂ કરી હતી. પુનાની મુલાકાતે આવેલાં બ્રિટનની રાણી વિક્ટોરીયાના પુત્રના માનમાં યોજાયેલા ભોજન સમારંભમાં પંચીયું, અંગરખું, ફાળીયું, ધાબડો, હાથમાં લાકડી અને ફાટેલા જોડાં સાથેના ખેડૂત પોશાકમાં જઈને ખેડૂતોની દુર્દશાને તેમણે ખ્યાલ આપ્યો હતો. તેમણે 'ખેડૂતોનો ચાબુક' નામના પોતાના પુસ્તકમાં લખ્યું છે કે હિન્દુસ્તાનના અજ્ઞાની અને ભોળા, ઈશ્વરમાં શ્રદ્ધા રાખનાર ખેડૂતોની સ્થિતિ બીજા દેશોના ખેડૂતો કરતાં ખૂબ ખરાબ અવસ્થાને પહોંચીને પશુથીયે બદતર હદે પહોંચી છે. આત્મહત્યા કરતા ખેડૂતોની સ્થિતિ જોઈને મહાત્મા ફુલેના શબ્દો આજે પણ પ્રસ્તુત છે! કન્યાકેળવણીના

(અનુસંધાન સામેના પાન ૫૨)

# ઓરમાયું વર્તન દાખવનારાની આગેવાની ના ખપે

ગીતા દેસાઈ

અમારા વાગડમાં ગામના કોઈપણ ખૂણે ઉભાં હોઈએ, તો નાનાથી લઈ મોટી ઉંમરની વ્યક્તિઓ ચૂંટણીલક્ષી ચર્ચાઓ જ કરતી સંભળાય. કોણ કોણ ઉભું છે, કોણ જીતશે, ચૂંટણીનાં સમીકરણો કેવાં બદલાતાં જાય છે, કયા પક્ષની કેટલી સરસાઈ રહેશે, વગેરે અટકળો સવારથી સાંજ અવિરતપણે ચાલી રહી છે.

પણ, અમુક સમુદાયોને જાણે આ ચર્ચાઓ એટલે કપોળ કથા જ લાગે. આવી ચર્ચા સાથે કંઈ લાગતુ-વળગતું જ ન લાગે. આ અમુક સમુદાયોમાંનો એક, એટલે વાગડનો માલધારી સમુદાય.

કાલે સાંજે મેં દાદીમા ખેતુ ડોકરીને પૂછ્યું આ વખતની ચૂંટણી વિષે તો ખેતુ ડોકરીએ આંખનાં ભવાં ઉંચાં કરી જરાક એમની તંગ અદામાં કહ્યું કે "વાગડમાં આવી તો કંઈ (કેટલીયે) ચૂંટણીયું આવીને કંઈ ગઈ, પણ આ ચુંટણીવાળાઓએ તો અમને માલધારીઓને ચૂંટણીની નાત-બહાર મેલ્યા હોય તેમ અમારી આટલી વસ્તી હોવા છતાં કોઈ માલધારીને આજ લગી ઉભા નથી રાખતા ને બીજા કોઈએ અમારું આજ લગી ભલું કર્યું યે નથી ને કરશે પણ નહીં, ઇ નક્કી".

વાગડમાં સૌથી વધુ વસ્તી કોળીઓની છે, પછી બીજા ક્રમે માલધારીઓની છે. પણ ખેતુ માનું આટલુ સીધું ગણિત આપણા ગુજરાતમાં કહેવાતા મોટા પક્ષ-વિપક્ષને કેમ સમજાતું નહી હોય? આ વખતની ચૂંટણીમાં પણ માલધારીઓને આ કહેવાતા મોટા પક્ષોએ ટિકિટ આપી નથી, હા, કોઈ કોઈ ભાઈ આગેવાનોના ગળે પક્ષના નામની કંઠીઓ જરૂર બાંધી દીધી છે અને નામ પૂરતા-કહેવા ખાતરના હોદ્દાઓ પણ આપ્યા છે. આ કંઠીઓ પહેરનારને સમુદાયનું ભલું કરી શકે એટલી એમની પહોંચ થવા ન દીધી તેથી તેઓ સમાજમાંથી પણ આત્મીયતાના સંબંધો કેળવી શકે તેમ ન હોઈ 'ધોબીનો કૂતરો ન ઘરનો ન ઘાટનો' જેવી દસા થાય છે. ને પક્ષની આ વિસ્તારમાં મહત્ત્વની નિર્ણાયક ભૂમિકામાંથી વંચિતપણું તો જાણે કંઠી બાંધનારને સ્વીકાર્ય બની ગયું છે.

જે-તે પક્ષોમાં માલધારીઓની દેખાવ પૂર્તિ ભાગીદારી અને ક્યારેય દેખાય પણ નહીં એટલી વસ્તી ધરાવતા સમુદાયોના ધારાસભ્યો વાગડમાં આકર્ષણનું કેન્દ્ર બન્યા છે. વાગડમાં આમ તો વાણીયાઓનું પ્રમાણ ૧ ટકાથી વધુ નથી છતાં ગઈ વખતની ચૂંટણીમાં બંને કહેવાતા મોટા પક્ષોએ ટિકિટ વાણિયાઓને આપી. કોઈ સમુદાય રાજકીય આગેવાની લે તેમાં વિરોધ ન જ હોય પણ નહિવત પ્રમાણ ધરાવનારને એમાંય પાછું બીજા રાજ્યમાં રહેતી વ્યક્તિઓ સત્તાની લાલચમાં આવીને ૯૯ ટકા વસ્તીના હિતની વાત કરે ત્યારે એમ થાય કે આપણા વાગડમાં આવીયે લોકશાહી છે, કે હારે તોય વાણીયો અને જીતે તોયે વાણીયો!

આ વખતની ચૂંટણીમાં પણ સમીકરણો બદલાણાં નથી. એક પક્ષે ટિકિટ આપી વાણીયાને તો બીજાએ આપી દરબારને અહીં બહોળું પ્રમાણ ધરાવનાર સમુદાયના પુરુષોને ટિકિટથી આજ સુધી વંચિત રહેવું પડ્યું છે તો સ્ત્રીઓને તો ટિકિટ લેવાનું સ્વપ્નેય ના વિચારી શકાય.

અંગ્રેજોને ગયે ૬૦ વર્ષ થયાં પણ "ભાગલા પાડોને રાજ કરો"ની નીતિને વાગડમાં અમુક પક્ષોએ-સમુદાયોએ અકબંધ સાચવી રાખવાનું જાણે ઉધડું (ઠેકો) રાખ્યું છે. ને આવા લોકોએ વાગડમાં કોળી, દલિત, માલધારી, મુસ્લિમ, મહિલા (કદમ)ને અનેક વાડા (ભાગ)માં એવી રીતે વહેંચ્યા (ધકેલ્યા) છે કે આ સમુદાયો ક્યારેય તેમના વાડાઓમાંથી બહાર જ ન નીકળી શકે, ને એક થઈ એમની સમસ્યાઓ તથા એમને થતા અન્યાયોનો ઉકેલ ભેગા મળી કાઢી ન શકે તે માટેની ચોક્કસ રણનીતિઓ વર્ષોથી ઘડેલી છે.

પરંતુ વાગડમાં આ વખતની ચૂંટણીમાં "માલધારી જન આંદોલન" (મજા)ના સભ્યોએ આ પક્ષના કાવાદાવા અને વિસ્તારમાં અમુક સમુદાયોની મેલી નીતિઓને સમજીને માલધારી સમુદાયના પ્રશ્નો પૂરતું ગૌચર, વાડા અને શિક્ષણ-સુરક્ષાને ઉકેલવાની આગવી રણનીતિ ઘડી લીધી છે. ગુજરાત આખામાં જ્યારે અન્ય સમુદાયોમાં માલધારીઓની એક્તાના ઉદાહરણો અપાતા હોય છે ત્યારે આ સમુદાય એમની એક્તાને જ લડાઈના અર્થપૂર્ણ શસ્ત્ર તરીકે જુએ છે. માલધારીઓએ નક્કી કર્યું છે કે આ વિસ્તારના માલધારીઓ એક છે. સંગઠીત બની દર વખતના પારકા અને ઓરમાયું વર્તન દાખવનારની આગેવાની ન ખપે, પણ આખા સમુદાયની પસંદગીની, સમુદાયના પ્રશ્નોથી વાકેફ અને સંવેદનશીલ વ્યક્તિની પસંદગી કરશું.

વાગડમાં માલધારીઓની આવી પ્રતિબદ્ધતા અને રૂઢ વિશ્વાસ - અડગ નિર્ધાર રાજકીય આગેવાની ના ચોપડામાં નવું ખાતું જરૂર ખોલાવશે જ. (ગીતા દેસાઈ 'મારગ'ના રાપરસ્થિત કાર્યાલયના સંચાલિકા છે.

**'વલોણું'**

**'મારગ' દ્વારા પ્રકાશિત**

**બૂક પોસ્ટ**
**પ્રિન્ટેડ મેટર**

**'મારગ'**
બી-૨, મિલિન્દ પાર્ક,
સેન્ટ ઝેવિયર્સ સ્કૂલ લૉયલા હોલ સામે,
મેમનગર માર્ગ, અમદાવાદ - ૩૮૦ ૦૫૨
ફોન : (૦૭૯) ૨૭૯૧૨૪૯૨

**પ્રિન્ટર : શિવમ સ્કેનો ઈફેક્ટસ :** ૯૮૨૪૬ ૮૩૭૦૬